# આત્મધર્મ

## વર્ષ ૩૦

## સળંગ અંક ૩૫૦

### Version History

| Version Number | Date | Changes |
|---|---|---|
| 001 | Apr 2005 | First electronic version. |

दंसणमूलो धम्मो

# આત્મધર્મ

આત્માર્થિતા વાત્સલ્ય દેવગુરુધર્મની સેવાનો સન્દેશ આપતું માસિક

૩૫૦





## સ્વાનુભવની પ્રેરણા

હે જીવ! તું આત્માનો રસિયો થા. આત્મરસિક થઈને રાગથી ભિન્ન જ્ઞાનનો અનુભવ કર. અનાદિથી આત્માને ભૂલીને પરનો પ્રેમ કર્યો. પરને પોતાનું માન્યું ને મોહને છોડીને હવે આત્મપ્રેમી થા. અંતર્મુખ ઉપયોગથી તારા આત્માને જો. ભાઈ! આ ઉત્તમ અવસર આવ્યો છે, આનાથી બીજો ક્યો કાળ આવવાનો છે? પ્રતિબોધનો આવો સુઅવસર મળ્યો, આવું સ્પષ્ટ ભેદજ્ઞાન સંતોએ કરાવ્યું, તો હવે અત્યારે ચૈતન્યનો રસિક થઈને મોહને છોડ, ને આત્માને ચૈતન્યસ્વરૂપે અનુભવમાં લે.

હે જીવ! આવો અવસર આવ્યો છે, માટે તું અત્યારે બીજી બધી પંચાત છોડીને આવા અનુભવનો ઉદ્યમી થા, સર્વ પ્રયત્નને આમાં જ જોડ. એકવાર આવો સ્વાનુભવ કર તો તારા સંસારથી નીવેડા આવે. સ્વાનુભવ વગર બીજા કોઈ ઉપાયથી નીવેડા આવે તેમ નથી. જગતના સંયોગથી એકવાર જુદો પડ. અંદરનાં વિકલ્પોથી પણ જુદો પડ ને ઉપયોગસ્વરૂપમાં જ તન્મય થઈને રહે, તો સ્વાનુભવ ને સમ્યગ્દર્શન થાય.

તંત્રીઃ પુરુષોત્તમદાસ શિવલાલ કામદારઃ સંપાદકઃ બ્ર. હરિલાલ જૈન

વીર સં. ૨૪૯૯ માગશર ( લવાજમઃ ચાર રૂપિયા ) વર્ષ ૩૦ઃ અંક ૨

શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર)

# આપનો ઉપકાર અજોડ છે



હે ધર્મપિતા ! આપ આકાશવિહાર કરીને વિદેહ ગયા, ને તીર્થંકર ભગવાન પાસેથી અમારા માટે ઊંચી-ઊંચી વસ્તુ લાવ્યા શું લાવ્યા ? અહા, આત્માનો અચિંત્ય વૈભવ લાવ્યા.... અમારા માટે આત્માના આનંદની અનુભૂતિ લાવ્યા ! સીમંધરપ્રભુ પાસેથી લાવેલું ને આત્માની અનુભૂતિમાંથી ખીલેલું દિવ્ય જ્ઞાન આપે અમને આપ્યું. આનંદમય નિજવૈભવવડે આપે દર્શાવેલા એકત્વસ્વરૂપને અમે આનંદથી સાધી રહ્યા છીએ. અહો, આપનો ઉપકાર અજોડ છે. આપ અમારા ગુરુઓના પણ ગુરુ છો. અહો, ભરતક્ષેત્રના ભગવાન ! આપ આ પૃથ્વીમાં વંદનીય છો.

(માગશર વદ આઠમે કુંદકુંદપ્રભુની આચાર્યપદે પ્રતિષ્ઠા થવાનો મંગલ દિવસ છે. આપણે પ્રભુના ઉપકારને યાદ કરીને આનંદથી તેમનાં પૂજન ભક્તિ કરીશું.)

વાર્ષિક
લવાજમ
ચાર રૂપિયા

વીર સં. ૨૪૯૯
માગશર
ડીસેમ્બર ૧૯૭૨

* વર્ષ ૩૦ : અંક ૧ *

# અત્યંત મધુર ચૈતન્યરસ

તે મધુર ચૈતન્યરસથી વિરુદ્ધ એવા ક્રોધાદિનું કર્તાપણું અજ્ઞાનથી જ છે. ભેદજ્ઞાનવડે મધુર ચૈતન્યરસનો સ્વાદ ચાખતાં તે ક્રોધાદિનું કર્તાપણું છૂટી જાય છે. તે ભેદજ્ઞાનની રીત અહીં સંતોએ સમજાવી છે.

(સમયસાર ગા. ૯૬–૯૭)

આત્મા જ્ઞાનસ્વરૂપ છે; તેથી અનુભૂતિ તો નિર્વિકાર જ્ઞાનમાત્ર છે. બેહદ શુદ્ધ ચૈતન્યધાતુમય આવો આત્મા, તે ભાવક થઈને ક્રોધાદિને ભાવે, – તે ક્રોધાદિરૂપે પોતાને અુભવે એ તો અનુચિત છે. શુદ્ધ ચૈતન્ય ભાવક, ને ક્રોધ તેનું ભાવ્ય – એ વાત ઉચિત નથી, યોગ્ય નથી, એવું અનુચિત ભાવક – ભાવ્યપણું તો અજ્ઞાનથી જ પ્રતિભાસે છે. પોતાના સહજ ચૈતન્યભાવને ભૂલીને અજ્ઞાનીને 'હું ક્રોધ... હું ક્રોધ' એમ ઘૂંટાઈ ગયું એટલે ક્રોધપણે જ તે પોતાને અનુભવતો થકો તે ક્રોધાદિભાવોનો કર્તા થાય છે. આ રીતે અજ્ઞાનથી જ વિકારનું કર્તાપણું છે.

'અહો, મારો ચૈતન્યરસ તો અત્યંત મધુર છે; આ મધુર ચૈતન્યરસ ક્રોધ–રાગાદિ સમસ્ત અન્ય ભાવોથી જુદી જાતનો છે; ચૈતન્યના સ્વાદને અને રાગાદિના સ્વાદને જરાય મેળ નથી, જરાય ભેળસેળ નથી, બંનેની જાત જ એકબીજાથી તદ્દન જુદી છે. ' – જ્ઞાની થતાં જીવને આવું ભેદજ્ઞાન થાય છે, અને ત્યારે તે જ્ઞાનમાત્ર પોતાના

ભાવ સિવાય ક્રોધાદિ કોઇ ભાવોને જરાપણ પોતાપણે અનુભવતો નથી. એટલે તેનો કર્તા થતો નથી. આ રીતે જ્ઞાનવડે જ ક્રોધાદિનું કર્તાપણું છૂટી જાય છે. ચૈતન્યના જ્ઞેયપણે જણાતો રાગ, તેનો સ્વાદ તો ચૈતન્યથી જાુદો છે, પણ અજ્ઞાની તે રાગના સ્વાદને ચૈતન્યના સ્વાદમાં ભેળવીને એમ અનુભવે છે કે હું ચૈતન્ય અને આ ક્રોધાદિભાવો મારું કાર્ય; –એમ માનીને ચૈતન્ય અને રાગ બંનેને એકમેકપણે તે અનુભવે છે.

અરે ભાઈ! ક્યાં તારી ચૈતન્યજાત! ને કયાં રાગની જાત! તેમને કર્તા–કર્મ પણાનો સંબંધ માનવો તે તો અનુચિત છે, ચૈતન્યમાં તે રાગનું કર્તૃત્વ શોભતું નથી. ચૈતન્ય –અમૃતરૂપ ભગવાન આત્મા, તે મરેલાં જડ કલેવરનો કર્તા થાય – એ તે કાંઈ એને શોભે છે? જેમ મનુષ્યને ભૂત વળગ્યું હોય ત્યાં તે મનુષ્યની ચેષ્ટા જ બધી બદલાઈને ભૂત જેવી બિહામણી ભયંકર તેની ચેષ્ટા થઈ જાય, એ તે કાંઈ મનુષ્યને શોભે છે? – ના, એ તો અમાનુષી વ્યવહાર છે, તે કાંઈ મનુષ્યને ઉચિત વ્યવહાર નથી. તેમ શાંત – નિર્વિકાર ચૈતન્યપ્રભુ, તેની ચેષ્ટાઓ તો શાંત ચૈતન્યભાવ રૂપ હોય, તેને બદલે ‘હું ક્રોધ’ એવા મિથ્યાત્વરૂપ ભૂતને લીધે તે અનેક પ્રકારના રાગ – દ્વેષ – પુણ્ય – પાપ– ક્રોધાદિ ભાવોની ચેષ્ટા કરે છે ને તે ભાવરૂપે પોતાને અનુભવે છે. આચાર્યદેવ કહે છે કે અરે ભાઈ! આવું ભૂત તને કયાંથી વળગ્યું? ચૈતન્યનું અમૃત અને રાગનું ઝેર એ બેમાં એકમેકપણાની દુર્બુદ્ધિ તને કયાંથી થઈ? અરે જીવ! તારા નિર્વિકાર ચૈતન્યની ચેષ્ટામાં ક્રોધાદિ વિકારનું કર્તૃત્વ કેમ શોભે? વાણીયાના મોઢામાં માંસ તે કાંઈ શોભે? કદી ન શોભે તેમ ચૈતન્યના ભાવમાં વિકારનું કર્તૃત્વ કદી શોભતું નથી. છતાં માને તો તે અજ્ઞાન છે. ક્રોધાદિભાવોની ચેષ્ટા તે કાંઈ ચૈતન્યને માટે યોગ્ય નથી. માટે હે ભાઈ, તું ચૈતન્ય અને ક્રોધને અત્યંત જુદા જાણીને અજ્ઞાનમય ચેષ્ટાઓને છોડ.

વળી જેમ કોઈ અજ્ઞાની પાડાનું ધ્યાન કરતાં – કરતાં એવો તલ્લીન થઈ ગયો કે ‘હું મોટા શીંગડાંવાળો મોટો પાડો છું’ એમ પોતાને પાડારૂપે જ અનુભવવા લાગ્યો, એટલે ઓરડાના બારણામાંથી જાણે હું બહાર નહીં નીકળી શકું – એમ તેને થઈ ગયું. જોકે તે મનુષ્ય છે ને બારણામાંથી બહાર નીકળી શકે તેવો છે, પણ અજ્ઞાનને લીધે પોતાને પાડો જ માનીને ઓરડામાં પૂરાઈ રહે છે. તેમ અજ્ઞાની ઈન્દ્રિય અને મનના વિષયરૂપ પરદ્રવ્યને જાણતાં તેના વિકલ્પોમાં એવો તલ્લીન થઇ ગયો કે ‘હું જાણનારો શુદ્ધ ચૈતન્યધાતુ જ છું” એ વાત ભૂલીને, વિકલ્પોરૂપે જ પોતાને અનુભવતો થકો તેમાં જ શુદ્ધચૈતન્યધાતુને રોકી દીધી. ખરેખર તો પોતે ચૈતન્યધાતુ છે ને

વિકલ્પોથી બહાર જાુદો જ રહેવાનો તેનો સ્વભાવ છે, પણ પર જ્ઞેયોમાં મૂર્છાઈ ને પોતાના જ્ઞાનને ઢાંકી દીધું, ને અજ્ઞાની થઈને ‘હું ક્રોધ, હું શરીર’ એમ અજ્ઞાનભાવનો કર્તા થાય છે.

જ્યાં ભેદજ્ઞાન થાય ત્યાં અજ્ઞાનજનિત કર્તાપણું છૂટી જાય છે. ભેદજ્ઞાનવડે ધર્મીજીવ પોતાના આત્માને ચૈતન્યરસપણે અનુભવે છે. રાગથી તદ્ન જાુદી જાતનો અપૂર્વ ચૈતન્યરસ ચાખ્યો ત્યાં કષાયના કષાયેલારસને પોતાથી તદ્ન જુદા જાણ્યા. ક્રોધાદિને જાણતાં કે ધર્માસ્તિ વગેરે અચેતનને જાણતાં, ‘તે ક્રોધાદિ હું નહીં, ચૈતન્યરસપણે જે સ્વાદમાં આવી રહ્યો છે તે જ હું છું’ – એમ નિરંતર પોતાને ચૈતન્યસ્વાદરૂપે જ ધર્મી અનુભવે છે.

અહીં તો ચૈતન્યરસના સ્વાદ ઉપરથી જ ધર્મી–અધર્મીનું માપ છે. વિકલ્પોથી જાુદા પોતાના ચૈતન્યસ્વાદને જે અનુભવે છે. તે જીવ ધર્મી છે. અને શુભરાગ– વ્રતાદિ કરવા છતાં તેનાથી ભિન્ન ચૈતન્યરસના સ્વાદને જે અનુભવતો નથી તે જીવ અધર્મી છે. અરે ભાઈ! તારા ચૈતન્યરસનો સ્વાદ કેવો મધુર છે – એનીયે તને ખબર નથી ને ક્રોધાદિના વિકારી રસપણે જ તું પોતાને અનુભવે છે – એ તો તને મોહનું ભૂત વળગ્યું છે.

જેને કષાયરસથી અત્યંત જાુદા મધુર ચૈતન્યરસની ખબર નથી તે જ અનેક વિકલ્પોના સ્વાદને આત્મારૂપે અનુભવતો થકો તેનો કર્તા થાય છે. ચૈતન્યનો મધુરરસ જેણે ચાખ્યો તે સમસ્ત વિકલ્પોના રસને પોતાથી તદ્ન જાુદો વિલક્ષણ જાણતો થકો, તે વિકલ્પને જરાપણ કરતો નથી ચૈતન્યરસમાં વિકલ્પ નથી, એટલે વિકલ્પ વખતેય જ્ઞાની પોતાના ચૈતન્યરસથી ભ્રષ્ટ થતા નથી, ચૈતન્યરસપણે જ તે પોતાને નિરંતર અનુભવે છે. એકકોર મૃતકકલેવર લીધું, બીજીકોર અત્યંત મધુર ચૈતન્યરસથી ભરેલો અમૃતસ્વરૂપ ભગવાન આત્મા લીધો. – અજ્ઞાની અમૃતસ્વરૂપ વિજ્ઞાનઘન ભગવાનને ભૂલીને મૃતકકલેવરમાં (જડમાં ને રાગમાં) મૂર્છિત થયો છે; જ્ઞાની અત્યંત મધુર ચૈતન્યરસના સ્વાદ પાસે આખા જગતના સ્વાદને પોતાથી ભિન્ન જાણે છે.

અરે, લોકોમાં એક આંખ કાણી હોય તો શરમાઈને તેને ઢાંકે છે; તો અરે ભાઈ! અહીં શુભાશુભવિકલ્પો તો ચૈતન્યથી જુદા આંધળા છે, તે આંધળા ભાવરૂપે પોતાને અનુભવતાં તને શરમ કેમ નથી આવતી? વિકલ્પોથી લાભ માનીને તેના વેદનમાં રોકાયો ત્યાં તારા ભેદજ્ઞાનચક્ષુ બીડાઈને તું આંધળો થયો. તે અંધપણું કેમ ટળે ને તારા ભેદજ્ઞાનચક્ષુ કેમ ખૂલે – તેની આ રીત સંતો સમજાવે છે. ચૈતન્યસ્વાદ

અને રાગનો સ્વાદ– એ બંને સ્વાદની અત્યંત ભિન્નતા અનુભવાય ત્યારે ભેદજ્ઞાનશક્તિ ઊઘડી જાય છે; ત્યારે તે જ્ઞાનીધર્માત્મા એમ જાણે છે કે અહા, આવો ચૈતન્યરસ પૂર્વે કદી મેં ચાખ્યો ન હતો; આ અપૂર્વ ચૈતન્યસ્વાદપણે અનાદિઅનંત નિરંતર મારો આત્મા અનુભવાય છે; આવા ચૈતન્યરસમાં અતીન્દ્રિય આનંદ ભર્યો છે; આ સ્વાદ પાસે રાગાદિ બધા ભાવો બેસ્વાદ છે, મારા ચૈતન્યસ્વાદમાં પરભાવનો કોઈ સ્વાદ નથી. વિષયોનો અશુભસ્વાદ, કે ભક્તિ વગેરે શુભરાગનો સ્વાદ, તે બધાયની જાતથી મારો ચૈતન્યરસ જુદી જ જાતનો છે. આવા ચૈતન્યરસ સાથે કષાયરસનું એકપણું માનવું તે તો અજ્ઞાનથી જ છે. જ્ઞાનીને પોતાના જ્ઞાનરસમાં કોઈપણ પ્રકારના રાગની એકતા ભાસતી નથી, રાગથી જુદી ને જુદી જ્ઞાનરસની ધારા તેના અંતરમાં નિરંતર વહે છે. અનંત અતીન્દ્રિય આનંદનો ખજાનો અંતરમાં ભેદજ્ઞાનવડે તેને ખૂલી ગયો છે. તે ઠાંસોઠાંસ ભરેલા ચૈતન્યના આનંદમાં હવે કોઈ સૂક્ષ્મ વિકલ્પ પણ સમાય નહીં. નિરંતર એક સહજ જ્ઞાન જ હું છું, કૃત્રિમ ક્રોધાદિ કષાયભાવો તે હું નથી – એમ ધર્મી અનુભવે છે. 'ક્રોધ – રાગાદિ હું છું' એવી આત્મબુદ્ધિ તે જરાપણ કરતો નથી.

ભલે શાસ્ત્રના શબ્દોની ધારણા ન હોય, શિવભૂતિ મુનિ જવાને मा रुष... मा तुष એટલા શબ્દો પણ યાદ રહેતા ન હતા, છતાં અંદરના વેદનમાં રાગથી જુદો ચૈતન્યરસ અત્યંત સ્પષ્ટ અનુભવાતો હતો; તે ચૈતન્યરસના અનુભવની ધૂનમાં લીન થઈને અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન પામ્યા. मा रुष... मा तुष ભલે યાદ ન રહ્યું પણ અંદરના સ્વસંવેદનવડે શાંતચૈતન્યરસ અને ક્રોધાદિ કષાયરસ – બંને ને અત્યંત જુદા કરી નાંખ્યા, અહા, કયાં ચૈતન્યની શાંતિ! ને કયાં ક્રોધાદિની આકુળતા!! તેને એકમેકપણે જ્ઞાની કેમ અનુભવે? ચૈતન્યની શાંતિમાં કષાયનો અગ્નિકણ કેમ સમાય? – આવું સ્પષ્ટ ભિન્નપણું ભેદજ્ઞાનવડે અનુભવમાં આવે ત્યારે જીવ જ્ઞાની થયો કહેવાય, અને તે જ્ઞાની આનંદમય જ્ઞાનચેતનારૂપ વિધાનઘનપણે જ વર્તતો થકો, રાગાદિ સર્વે પરભાવોનો અત્યંત અકર્તા જ છે. આ રીતે અત્યંત મધુર ચૈતન્યરસના સ્વાદથી ભરેલા ભેદજ્ઞાન વડે જ રાગાદિના કર્તાપણાનો નાશ થાય છે –એ વાત સિદ્ધ થઈ અહો, આત્મામાં ભરેલો આવો સરસ ચૈતન્યસ્વાદ, તેની મીઠાસની શી વાત! ભેદજ્ઞાનવડે હે જીવ! તું તારા ચૈતન્યરસને એકવાર ચાખ તો ખરો. તને તારો આખો આત્મા પરમ અતીન્દ્રિય આનંદરૂપે અનુભવાશે.

# જ્ઞાનીનું જ્ઞાન

## જ્ઞાનીના જ્ઞાનમાં પરનું નિમિત્તકર્તાપણું પણ નથી.

પરનું નિમિત્તકર્તાપણું અજ્ઞાનીના ક્રોધાદિભાવોમાં છે. જ્ઞાનભાવરૂપે પરિણમતાં તે નિમિત્તકર્તાપણું પણ છૂટી જાય છે. ભાઈ, તારું સ્વરૂપ કેવું છે તેનો તું વિચાર તો કર. તો તને ખ્યાલમાં આવશે કે આમાં પરનું કર્તુત્વ કોઈ રીતે સમાઈ શકે તેમ નથી. અરે, વિકારનું કર્તૃત્વ પણ જેમાં ન સમાય તેમાં પરના કર્તૃત્વની તો વાત જ કેવી? વસ્તુસ્વરૂપની સ્વતંત્રતા અને પરથી ભિન્નતા સમજ્યા વગર એકકેય વાત સાચી સમજાય નહીં.

(સમયસાર ગા. ૧૦૦ ઉપરના પ્રવચનમાંથી)

ચૈતન્યસ્વરૂપ આ આત્મા પરદ્રવ્યનો કર્તા કોઈ રીતે નથી. હવે અશુદ્ધ એવા યોગ ને ઉપયોગ કર્મમાં નિમિત્ત છે પણ જ્ઞાનીની શુદ્ધચેતના તો તે અશુદ્ધ યોગઉપયોગથી જુદી છે એટલે જ્ઞાની તો નિમિત્તપણે પણ કર્મનો કર્તા નથી. અશુદ્ધ રાગાદિભાવોનો કર્તા અજ્ઞાની થાય છે, પણ પરદ્રવ્યનો કર્તા તો કોઈ આત્મા નથી જ્ઞાનભાવ કે અજ્ઞાનભાવે પરનું કર્તૃત્વ કોઈને નથી. અજ્ઞાનભાવમાં પોતાના રાગાદિ વિકારનું કર્તાપણું છે, ને જ્ઞાનભાવમાં વિકાર રહિત પોતાના શુદ્ધભાવનું જ કર્તાપણું છે.

કર્તાકર્મનું સ્વરૂપ સમજવા માટે વ્યાપ્ય – વ્યાપકપણાનો મહાન સિદ્ધાંત છે. તન્મયપણું હોય ત્યાં જ વ્યાપ્ય – વ્યાપકપણું હોય, ને જ્યાં વ્યાપ્ય – વ્યાપકપણં હોય ત્યાં જ કર્તા – કર્મપણું હોય. કર્તા પોતે પોતાના કાર્યમાં પ્રસરીને તે રૂપે થાય છે. માટીના રજકણ પોતે ઘડારૂપ કાર્યમાં પ્રસરીને તે – રૂપ થાય છે તેથી તે તેનો કર્તા છે. પણ જો કુંભાર તેને કરે તો તે કુંભાર પોતે ઘડારૂપ થઈ જાય, એટલે કુંભારનું અસ્તિત્વ જ

ન રહે. તેમ પુદ્ગલની કર્મ વગેરેરૂપ અવસ્થા, તેમાં તે પુદ્ગલો પ્રસરીને તે – રૂપે પોતે થાય છે, તેથી તે જ તેના કર્તા છે. જો ચેતનરૂપ જીવ તે જડકર્મને કરે તો તે પોતે જડરૂપ થઇ જાય, એટલે જીવનું અસ્તિત્વ જ ન રહે. અરે ભાઈ! અચેતનનો કર્તા થવા જતાં તારા અસ્તિત્વનો જ લોપ થઈ જાય છે. જડ–ચેતનના ભિન્ન અસ્તિત્વને ઓળખતાં કર્તા–કર્મની બુદ્ધિ છૂટી જાય છે. ને ચેતનતત્ત્વ પોતાના ચેતનભાવરૂપ કાર્ય વડે શોભી ઊઠે છે. આ કાર્ય તે મોક્ષમાર્ગનું કાર્ય છે, તે જ ધર્મીનું કાર્ય છે.

પરિણામી વસ્તુના પરિણામ–તે તેનો ધર્મ છે. તે પરિણામનો કર્તા બીજો હોઇ શકે નહિ. હવે જે પરિણામ થાય છે તેનો કર્તા ત્રિકાળી દ્રવ્ય અભેદપણે કહેવાય, પણ ખરેખર પર્યાયસ્વભાવથી જ તે પરિણામનું કર્તૃત્વ છે. જીવના પરિણામનો દાતા કોઇ બીજો નથી. દ્રવ્ય–ગુણ–પર્યાયરૂપ વસ્તુસ્વભાવ છે, જેમ દ્રવ્ય–ગુણના દાતા કોઈ નથી, તેમ પર્યાયનો દાતા કોઈ બીજો નથી.

આવો આત્મા, બીજાની સહાય વગર પોતે પોતાથી સ્વસંવેદન – પ્રત્યક્ષ થઈ શકે તેવો છે. પ્રત્યક્ષ થવાનો તેનો સ્વભાવ છે. પ્રવચનસારમાં તેનું સુંદર વર્ણન અલિંગગ્રહણના અર્થમાં કર્યું છે.

પોતાની જ્ઞાનપર્યાયપણે ઉપજતો જીવ તે પોતાના પર્યાયસ્વભાવથી જ તે રૂપે ઊપજ્યો છે, ગુરુ કાંઈ તેની જ્ઞાનપર્યાયના દાતા નથી. ઉપકારની ભાષામાં ભલે એમ કહેવાય કે ગુરુએ જ્ઞાન આપ્યું; પણ સિદ્ધાંતમાં વસ્તુસ્વરૂપ તેમ નથી.

જ્ઞાનસ્વરૂપી જીવ પોતે પોતાના સ્વરૂપથી જ ઉત્પાદ– વ્યયરૂપ પરિણમે છે. તે ઉત્પાદ – વ્યય ધર્મ ધ્રુવને લીધે નથી, ને પરને લીધે પણ તે નથી.

અહીં આચાર્યદેવ કહે છે કે – જ્ઞાનાનંદરૂપ આત્માનો સ્વભાવ જો વિકારને કરે તો વિકારનું કર્તૃત્વ કદી છૂટે નહીં. એટલે શુદ્ધસ્વભાવમાં તો વિકારનું કર્તૃત્વ નથી, અને તે સ્વભાવમાં જેની દ્રષ્ટિ છે તે પણ વિકારનો કર્તા નથી.

આત્મા પરની પર્યાયને કરે તો આત્મા પરરૂપ થઈ જાય; પરચીજ આત્માના પરિણામને કરે તો તે પરવસ્તુ આત્મારૂપ થઈ જાય – આ રીતે બંને દ્રવ્યના અસ્તિત્વનો લોપ થઇ જાય. માટે પરિણામ – પરિણામીભાવથી દ્રવ્ય પોતે જ પોતાના પરિણામનું કર્તા છે; એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કર્તા નથી.

દેવ – ગુરુને નિરંતર સેવવામાં આવવા છતાં, શિષ્યના જ્ઞાનપરિણામના દાતા તે દેવ – ગુરુ થઈ શકતા નથી. શિષ્યનો આત્મા પોતે જ પોતાના પરિણામસ્વભાવ વડે પોતાના જ્ઞાનપરિણામે ઊપજે છે; કોઈ બીજો તેનો દાતા નથી, કર્તા નથી. અજ્ઞાની જે પોતે જ્ઞાનપરિણામરૂપે નથી ઊપજતો, તે ભલે ગમે તેટલો વખત દેવ–ગુરુને સેવે તોપણ દેવ–ગુરુ તેને જ્ઞાનના દાતા થઈ શકતા નથી. જીવ પોતે જ્ઞાનપરિણમે સ્વયં પરિણમે ત્યારે જ તે જ્ઞાની થાય છે.

હવે ત્રિકાળી દ્રવ્યમાં પર સાથે નિમિત્ત – નૈમિત્તિકપણું પણ નથી. જો ત્રિકાળી દ્રવ્ય નિમિત્તપણે હોય તો તે કદી છૂટે નહિ, સદાય નિમિત્તપણે રહ્યા કરે એટલે તે સ્વભાવ થઇ જાય. – તો તો જીવને કર્મનું નિમિત્તપણું કદી છૂટે નહિ એટલે દ્રવ્યમાં પરનું નિમિત્તપણું માનનાર જીવને કદી સંસારથી છૂટકારો થતો નથી, કેમકે તને પરસન્મુખતા છોડીને સ્વસન્મુખ થવાનો અવકાશ જ ન રહ્યો.

હવે પર્યાયની વાત; પર્યાયમાં પણ યોગ અને ઉપયોગ ( રાગાદિ અશુદ્ધભાવો ) જ કર્મનાં નિમિત્ત છે; તે અશુદ્ધ યોગ– ઉપયોગ ક્ષણિક છે, તે ત્રિકાળ નથી. અને તે ક્ષણિક અશુદ્ધ યોગ – ઉપયોગનું કર્તત્વ અજ્ઞાનીને છે, જ્ઞાનીને તેનું કર્તૃત્વ નથી. માટે અજ્ઞાનીના જ યોગ અને રાગાદિભાવો કર્મનાં નિમિત્ત છે; ધર્મીને તો યોગ અને રાગાદિભાવો પોતામાં છે જ નહિ, તેને તો જ્ઞાન– આનંદસ્વરૂપ પોતાનો ભાવ છે, તેનો જ તે કર્તા છે; રાગાદિભાવો તો તેના જ્ઞાનથી જુદા પરજ્ઞેયમાં જાય છે.

અજ્ઞાની અજ્ઞાનભાવે પણ માત્ર રાગાદિનો કર્તા થાય છે; પરની અવસ્થાને તે કરતો નથી; પર સાથે નિમિત્તપણું તેના રાગાદિમાં છે, પણ તે પરમાં તન્મય થઈને તેને કરતો નથી. અજ્ઞાન છૂટતાં નિમિત્તકર્તાપણું પણ રહેતું નથી.

ધર્મીને પોતાની જ્ઞાનચેતનામાં રાગાદિ કે પર ચીજો જ્ઞેયપણે નિમિત્ત છે. પોતે તો તેનો કર્તાપણે નિમિત્ત નથી. પણ ઊલ્ટું તેઓ જ્ઞાનમાં નિમિત્ત છે. જ્ઞાન તેને જાણે છે કે આ કાળે આવા યોગ – ઉપયોગ જ્ઞાનથી ભિન્નપણે વર્તે છે, ને પરનાં કાર્ય પરમાં વર્તે છે. મારી જ્ઞાનપરિણતિ મારામાં વર્તે છે. પર સાથે કે રાગાદિ સાથે તેનો સંબંધ નથી. – આમ જ્ઞાનીની પરિણતિ તો ઊંડે ઊંડે અંદર આત્મામાં ઊતરી ગઈ છે, તેમાં બહારનું નિમિત્તપણું પણ નથી.

સામે વસ્તુમાં કાર્ય તો થાય જ છે – તે તેનું ઉપાદાન છે. અહીં જ્ઞાની પોતાના ઉપાદાનથી જ્ઞાનભાવરૂપે પરિણમ્યો, તેને તો પર સાથે નિમિત્તકર્તાનો આરોપ પણ ન રહ્યો. કર્તાનો આરોપ કોને આવે ? કે પોતામાં રાગાદિ, અશુદ્ધભાવને ઉપાદાનપણે જે

કરે છે તે જ બીજાનો નિમિત્તકર્તા છે, એટલે અજ્ઞાનીનો અશુદ્ધભાવ જ પરના કાર્યમાં નિમિત્ત છે. ધર્મીને પોતાના ઉપાદાનમાં રાગાદિ તો છે નહિ, તેને તો શુદ્ધ જ્ઞાનભાવનું જ કર્તૃત્વ છે, તેથી પરના કાર્યમાં નિમિત્તણાનો આરોપ પણ તેને આવતો નથી..

* પરિણામ – પરિણામીભાવથી પર સાથે કર્તાપણું તો બધામાંથી કાઢી નાંખ્યું. પરિણામ – પરિણામીભાવથી કર્તાપણું એક સ્વદ્રવ્યમાં જ હોય છે.

હવે નિમિત્ત – નૈમિત્તિકભાવમાં ત્રણ પડખાં –

* ત્રિકાળી સ્વભાવમાં પર સાથેનું નિમિત્તકર્તાપણું પણ કોઈ જીવને નથી.
* જ્ઞાનીને જ્ઞાનમયભાવમાં પર સાથે નિમિત્તકર્તાપણું નથી.
* પર સાથે નિમિત્તકર્તાપણું માત્ર અશુદ્ધ યોગ તથા રાગાદિભાવોમાં છે; તે અશુદ્ધ ભાવનું ક્ષણિક કર્તાપણું અજ્ઞાનીને અજ્ઞાનભાવમાં છે; તેથી તે અજ્ઞાનીના જ ક્ષણિક યોગ –રાગાદિ અશુદ્ધભાવોમાં જ પર સાથે નિમિત્તકર્તાપણું છે.

જ્યાં ભેદજ્ઞાન થયું, પરથી ભિન્ન આત્મા જાણ્યો અને રાગાદિ અશુદ્ધભાવોથી પણ ભિન્ન જ્ઞાનાનંદસ્વભાવ જાણ્યો ત્યાં અજ્ઞાનજનિત તે નિમિત્તકર્તાપણું પણ છૂટી જાય છે; ને નિર્મળ જ્ઞાનાદિ શુદ્ધભાવનું જ કર્તાપણું રહે છે.

જુઓ ભાઈ, આ વાત સમજી શકાય તેવી છે. જો સમજી ન શકાય તો સમ્યગ્દર્શન કેમ થાય ? માટે પોતાનું સ્વરૂપ સમજવાનો ઉદ્યમ કરવો. એક જ્ઞાની; એક અજ્ઞાની; બંને હાથમાં તલવાર લઈને લડતા દેખાય.... ત્યાં તે વખતે ખરેખર જ્ઞાની પોતાના જ્ઞાનભાવરૂપે જ પરિણમતો થકો તન્મયપણે તેને જ કરે છે, તે વખતના ક્રોધાદિનું કે કંપનનું કર્તાપણું તેના જ્ઞાનમાં નથી, ને તલવારનું નિમિત્તકર્તાપણું પણ તેના જ્ઞાનમાં નથી. તે જ વખતે અજ્ઞાની પોતાના જ્ઞાનસ્વભાવને ભુલીને, અજ્ઞાનથી ક્ષણિકક્રોધાદિ ભાવોને તન્મયપણે કરે છે, ને તલવારની ક્રિયામાં તેને નિમિત્તકર્તાપણું છે. જુઓ, બહારમાં સરખું લાગે પણ જ્ઞાની ને અજ્ઞાનીના અંતરમાં કેટલો તફાવત છે !

જ્ઞાની તો તે જ સમયે પોતાના જ્ઞાનભાવને તલવારથી ને ક્રોધાદિથી અત્યંત જુદો અનુભવતો થકો મોક્ષમાર્ગમાં ચાલી રહ્યો છે; ને અજ્ઞાની તો તે વખતે પોતાને ક્રોધરૂપે જ તથા તલવારના કર્તારૂપે જ અનુભવતો થકો, અજ્ઞાનભાવને જ કરતો થકો સંસારમાર્ગમાં જ ઊભો છે. જ્ઞાનભાવ અને અજ્ઞાનભાવની ભિન્નતાને જ્ઞાની જ ઓળખે છે, તે જ્ઞાની રાગાદિ અજ્ઞાનભાવોનો કર્તા થતો નથી કે પરનો નિમિત્તકર્તા પણ તે નથી.

# સમ્યગ્દર્શનઃ તે સંબંધી મુમુક્ષુઓને ઘોલન

## સમ્યગ્દર્શન – લેખમાળાઃ લેખ નં. ૩

“સમ્યગ્દર્શન થતાં પહેલાં અને થયા પછી જીવની રહેણી–કરણી તથા વિચારધારા કેવા પ્રકારની હોય? ” તે સંબંધી બે નિબંધ આત્મધર્મ અંક ૩૪૮ માં આપે વાંચ્યા; આ ત્રીજો નિબંધ સંશોધનસહિત રજુ થાય છે. આ નિબંધોદ્વારા સમ્યક્ત્વભાવનાનું ઘોલન કરતાં દરેક જિજ્ઞાસુને પ્રસન્નતા થશે આ નિબંધ લખનાર છે

– ભાઈશ્રી અમૃતલાલ જે. શાહ, પ્રાંતીજ.

“રજકણ તારાં રખડશે, જેમ રખડતી રેત;
નરભવ પાછો નહિ મળે, ચેત, ચેત જીવ ચેત!”

અનંતકાળે ક્યારેક મહાભાગ્યના ઉદયથી આ જીવને મનુષ્યપણું મળે છે, અને તેમાં પણ ઉત્તમકૂળ તથા જૈનધર્મના સંસ્કાર મળવા બહુ દુર્લભ છે. આ બધું મળ્યા પછી પણ જીવને કોઇ આત્મજ્ઞાની સંત – ગુરુનો સમાગમ પ્રાપ્ત થાય તો તે ખરેખર સોનામાં સુગંધ મળવા જેવો ઉત્તમ યોગ થાય. ત્યારબાદ આવા સત્સમાગમ દ્વારા સીંચાતા ધર્મ સંસ્કારથી જીવને એમ થાય કે અરે! આ મનુષ્યગતિ અને ઉત્તમ જૈન ધર્મનો સુયોગ મળ્યો તેનો સદુપયોગ જો આત્મહિતાર્થે નહિ કરી લઉં તો આ દેહનાં રજકણો છૂટા પડીને પવનમાં ઊડતી રેતીની માફક વીંખાઈ જશે. – પછી ફરીને આવો મનુષ્યઅવતાર કોણ જાણે ક્યારે મળશે! જો આત્માની દરકાર વગર આ અવસર ગુમાવ્યો તો પછી પસ્તાવાનો પાર નહિ રહે, અને દુઃખી થઈને ચોરાશીના ફેરામાં રખડવું પડશે. માટે હે જીવ! તૂં ચેત! અને સાવધાન થા!! તારા સમજણ કરવાનાં ટાણાં આવી પહોંચ્યા છે. પ્રમાદ તજ અને મિથ્યાત્વરૂપી ભ્રમને ભાંગીને આત્માને ઓળખ.

આવી તીવ્ર લાગણી જિજ્ઞાસુ જીવને થતાં જ તેના વિચારોમાં પરિવર્તન આવે છે અને તેને સંસારનું સુખ ખારૂં – ખારૂં લાગે છે. તેને ક્યાંય શાંતિ લાગતી નથી. કુટુંબ – સગાંસબંધી વગેરે બધું તેને પારકું લાગે છે, અને સત્યસમાગમ તથા વૈરાગ્યપ્રેરક પ્રસંગો તેને વિશેષ ગમે છે. તેને ક્ષણે ક્ષણે એમ થતું હોય છે કે હું શું કરૂં! ક્યાં જાઉં? કોનું શરણું શોધું કે જેથી મને શાંતિ થાય; કોનો સત્સંગ કરું કે જેથી આત્માની સમજ પડે! અરે, આ સંસારની ઘટમાળમાં મને ક્યાંય ચેન નથી. –

હું કોણ છું? કયાંથી થયો? શું સ્વરૂપ છે મારું ખરું?

કોના સંબંધે વળગણા છે? રાખું કે એ પરિહરું?

– એમ વિવેકપૂર્વક અંદરમાં શાંતભાવે વિચાર કરે છે. તથા તે સમજવા ગુરુ વચનનું શ્રવણ – મનન, સ્વાધ્યાય કરે છે; સંસારથી ચિત્તને પાછું વાળી દેવ – ગુરુની ભક્તિમાં લીન કરે છે; પુરુષાર્થને દ્રઢ કરવા પોતાની વૃત્તિઓને આમતેમ રખડતી રોકીને આત્મવિચારમાં જોડવા મથે છે.

અંતરનો માર્ગ શોધવા જ્ઞાની – ગુરુ પાસે જઈ પોતાના દીલની વેદના ઠાલવે છે, અને ચૈતન્યના હિતની રીત સમજવા માટેની ઝંખનાપૂર્વક પ્રશ્ન પૂછી, પોતાના મનનું સમાધાન શોધવા તત્પર થાય છે. તે અત્યંત આર્દભાવે શ્રી ગુરુને વિનંતિ કરે છે કેઃ હે પ્રભો! આ સંસારભ્રમણથી હવે હું થાકયો છું, સંસારસુખ મને વ્હાલું નથી; સંસારથી છૂટીને મારો આત્મા પરમસુખને પામે એવો ઉપાય કૃપા કરીને મને બતાવો. સંસારનાં સુખ– દુઃખનાં વમળમાં ભટકતો મારો જીવ હવે થાક્યો છે. તો હવે સાચું સુખ ક્યાંથી મળે? એવું પરમ તત્ત્વ મને બતાવો. આમ અંતરની જિજ્ઞાસા પૂર્વક ગુરુ પાસેથી સ્વ–પરની ભિન્નતાનું સ્વરૂપ સાંભળતા – સાંભળતાં તેને વધારે વિચારવાનું મન થાય છે; જેમ જેમ વિચાર કરે છે તેમ તેમ ઊંડાણમાં તે વાત તેને રુચતી જાય છે, અને ગુરુવચનમાં દ્રઢતાપૂર્વક આસ્થા થાય છે; અંતે તત્ત્વપ્રતીતિ થાય છે અને કોઇ અદ્ભુત ચમત્કારિક ચૈતન્યતત્ત્વ તેને કંઈક લક્ષગત થાય છે, પછી તેમાં જ વધારે ઊંડો ઊતરીને તે તેના મનન–ચિંતનમાં મશગુલ બને છે; – સ્વ–પરનો અત્યંત ભેદ લક્ષમાં લઈ રાગરહિત, શુદ્ધ આત્મદ્રવ્ય કેવું હોય તે વિચારે છે. આવી વિચાર ધારાથી, તેને પહેલાં જે અશાંતિ અને આકુળતા હતી તે હવે કંઈક ઓછી થતાં તેના પુરુષાર્થને વેગ મળે છે, અને વિશ્વાસ જાગે છે કે આ જ માર્ગે મને આત્માની શાંતિ મળશે. – પછી પુરુષાર્થની સ્વસન્મુખ ગતિને વેગ આપે તેમ સંસારથી વિરક્તતા – પ્રેરક બાર ભાવના વિચારે છે. પુણ્ય – પાપની શુભાશુભલાગણીઓ, તેને આકુળતા સમજીને તેનાથી પાર ચૈતન્યમાં ચિત્ત જોડવા મથે છે, જેમ જેમ મથે છે તેમ તેમ તેની મુંઝવણ મટતી જાય છે ને આત્માનો ચિતાર સ્પષ્ટ થતો જાય છે.

વ્યવહારના પ્રસંગોથી અલગ રહી, અંદર જ્ઞાન અને રાગની ભિન્નતાને અનુભવવા વારંવાર પ્રયત્ન કરે છે. હર્ષ – શોકના બાહ્ય પ્રસંગોમાં આજ સુધી તીવ્ર ગતિએ જતી વૃત્તિઓ હવે શમવા માંડે છે, અને વિચારની દિશા વારંવાર ચૈતન્ય

તરફ વળ્યા કરે છે. એટલે બાહ્ય પ્રસંગોમાં તેનું ચિત્ત ઉદાસ રહેતું હોવાથી જાણે ખોવાયેલું – ખોવાયેલું રહ્યા કરે છે.

તે દ્રઢતાપૂર્વક જાણે છે કે જડ–ચેતન તમામ દ્રવ્યો લક્ષણભેદથી જુદાં છે. જીવનું કાર્ય માત્ર જાણવું અને પોતાનાં નિજપરિણામ કરવાં તે છે. જગતના અન્ય પદાર્થો અને તેમનાં કાર્ય તે મારાં નથી; છતાં તેને મારાં માનું તો સ્વધર્મની મર્યાદા લોપાય ને મિથ્યાત્વરૂપી મહાપાપ થાય. – એવુ હું કેમ કરું? અનાદિથી અજ્ઞાનવશ અન્ય પદાર્થો અને તેમનાં પરિણમનો પ્રત્યે અનેક પ્રકારનાં અભિપ્રાયો આપતો આવ્યો, એટલું જ નહિ પરંતુ તેમને નિજ અભિપ્રાય મુજબ ફેરવવાની બુદ્ધિથી અનંતા રાગ–દ્વેષ કરી કરીને દુઃખી થયો. અરેરે! અજ્ઞાનભાવથી તો મેં અત્યાર સુધી દુઃખ દુઃખ ને દુઃખ જ વેઠ્યું છે. પણ હવે શ્રીગુરુ– સંતોના પ્રતાપે એ દુઃખનો આરો આવ્યો છે. શ્રી તીર્થંકર ભગવાનનો ઉપદેશ મહાભાગ્યે મને મળ્યો, અને હવે મને ખબર પડી કે હું તો માત્ર મારાં પરિણામોનો જ કર્તા છું. પર સાથે મારે કાંઈ સંબંધ નથી, તેથી તેમાં રાગ–દ્વેષ કરવા નિરર્થક છે. તત્ત્વજ્ઞાનપૂર્વક આમ વર્તવાથી જગતમાં થતા અન્ય ફેરફારો પ્રત્યે હવે તેને કંઈ પણ લેવા – દેવાની વૃત્તિ કે સુખ– દુઃખની વૃત્તિ રહેતી નથી; એટલે મિથ્યા કલેશ – કષાયથી છૂટવાનું સહજ બની જાય છે. વળી તે પોતાના ચૈતન્ય સ્વરૂપનો અચિંત્ય મહિમા વિચારી પોતાનો ઉપયોગ સ્વઆત્મા તરફ ઘુમાવવાનો પુરુષાર્થ કરે છે; અને બાહ્ય તરફ ઝૂકતી પરિણતિને પાછી વાળે છે. શાંતિ અનુભવવા માટે શાંતિસ્વરૂપ જે પોતાની વસ્તુ છે તેમાં જ ઉપયોગને દોરી જાય છે; કારણકે નિજ આત્મા સિવાય બહારથી ક્યાંયથી શાંતિ મળતી નથી – એની તેને ખાતરી છે. જેમાં મારી શાંતિ નથી એવા જગતનાં તમામ નિમિત્તો – સાધનો વગેરે પદાર્થોથી મારે શું પ્રયોજન છે? મારે તો મારા આત્મા સાથે પ્રયોજન છે. આમ સ્વ–પરનું અત્યંત પૃથક્કરણ કરી, સ્વાનુભૂતિ માટે તે ચિંતવે છે કે–

હું એક, શુદ્ધ, સદા અરૂપી, જ્ઞાન દર્શનમય ખરે,
કંઈ અન્ય તે મારું જરી પરમાણુમાત્ર નથી અરે!

મારું સ્વરૂપ શુદ્ધસ્વરૂપ હોઈ તેને અન્ય કોઈ વસ્તુ સાથે કાંઈ સંબંધ નથી; હું સદૈવ એક ચૈતન્યમાત્ર છું, અખંડ – આનંદકંદ છું; સુખધામ અને જ્ઞાનસાગર છું. ચૈતન્યનો ફૂવારો છું; સત્ – ચિત્ – આનંદમય હું જ પોતે છું – પછી બીજાનું મારે શું

કામ છે? આવી રીતે નિજસ્વરૂપનો નિર્ણય કરીને તે અન્ય વિકાર ભાવો તરફથી પાછો ફરી જાય છે – જાુદો પડી જાય છે. વચ્ચે પરિણામ ઢીલા થાય તો પશ્ચાત્તાપપૂર્વક ફરી ફરી ઉગ્ર પ્રયત્નથી ચિત્તને આત્મામાં જોડે છે. તત્ત્વપ્રતીતિની આવી પ્રયત્નદશા વખતે તે જીવના અંતરમાં સહેજે અત્યંત કોમળતા – સમતા – ધર્મવાત્સલ્ય – અહિંસાભાવ સંસારના વિષયોથી વિરક્તિ, ને ચૈતન્ય પ્રત્યેનો મહાન ઉલ્લાસ હોય છે. બીજે ક્યાંય તેનું ચિત્ત ચોંટતું નથી. વૈરાગ્ય અને તત્ત્વજ્ઞાનપૂર્વક તેનો તમામ પ્રયત્ન પોતાના આત્મસ્વભાવમાં ધ્યાન કેન્દ્રિત કરવા તરફ ઢળેલો હોય છે; આવા ટાણે બહારમાં તીવ્રપણે હિંસા–ચોરી – જૂઠું – પરિગ્રહ અને અબ્રહ્મચર્યના ભાવોમાં ડૂબી જવાનું તેને સંભવે નહિ; જ્યાં – જ્યાં કષાયવાળું વાતાવરણ જણાય ત્યાંથી તેનું ચિત્ત ઝડપભેર દૂર ભાગે. અહા, જ્યાં અંતરમાં લક્ષ ફરવાનું ટાણું આવ્યું, જ્યાં ચૈતન્યની મહાઅતીન્દ્રિય શાંતિના ધોધ ઊછળવાની તૈયારી થઈ ત્યાં કષાયના પ્રસંગમાં તે જીવ કેમ ઊભો રહે? આમ બાહ્યમાં ઉદાસીનતા ને અંતરમાં ચૈતન્યની પ્રસન્નતા વર્તતી હોય. પોતાનો પુરુષાર્થ સ્વતરફ ઊપડી રહ્યો છે એમ તેને દેખાય.

આ પ્રસંગે બહારની કોઈ પણ અડચણોથી તે જરાયે મુંઝાતો નથી, તે તરફ તેનું લક્ષ જતું નથી, તેના લક્ષમાં તો ચૈતન્યભગવાન જ ઘોળાયા કરે છે... પરિણતિ વેગપૂર્વક સ્વઘર તરફ આવી રહી છે; ને ઉપયોગની વધુ ને વધુ સૂક્ષ્મતા દ્વારા બધી સૂક્ષ્મ વિપરીતતાને પણ તે તોડતો જાય છે.

– આ રીતે જ્ઞાનસ્વભાવના મહિમાને ઘૂંટતા – ઘૂંટતાં છેવટે, નિજપુરુષાર્થની પ્રચંડ તાકાત વડે એક ક્ષણે તે જિજ્ઞાસુ જીવની ચેતનામાં સ્વભાવ તરફની કોઈ અપૂર્વ ધારા ઉલ્લસતાં તેની જ્ઞાનપરિણતિ અંતર્મુખ થઈને અજ્ઞાનઅંધકારને ભેદતી, દર્શન મોહને તોડતી, નિર્વિકલ્પ મહાઆનંદપૂર્વક અતીન્દ્રિય સ્વસંવેદન વડે શાંતિના સમુદ્ર પોતાના ભગવાન આત્માને પ્રત્યક્ષ કરી લે છે. અહા, તે અવસરને ધન્ય છે. ત્યારે અપૂર્વ એવા સમ્યગ્દર્શનથી તેના સર્વપ્રદેશ આનંદરસમાં તરબોળ થઈ જાય છે, આત્મામાં આનંદ–આનંદની ધારા વહે છે; ને અપૂર્વ પ્રસન્નતાથી તેના રોમેરોમ પણ પુલકિત થઈ જાય છે. અહા! ચૈતન્યના અખંડ સુખનો નમુનો ચાખવા મળ્યો, મુક્તિના દરવાજા ખૂલી ગયા... એ ધન્ય પળની શી વાત!!

મહાભયંકર તોફાની સાગરમાં મધદરિયે ડૂબતા, ને મગરમચ્છથી પકડાયેલા મુસાફરને અનાયાસે તરવા માટેનો કોઈ આધાર પ્રાપ્ત થઈ જાય ને મહાપ્રયત્ને તે કિનારે

આવી પહોંચતાં તેને જે અકલ્પ્ય આનંદ થાય તેવો આનંદ આત્મામાં સમ્યક્ત્વ થતાં થઈ જાય. (ઉપમા માટે સ્થૂળ દ્રષ્ટાંત છે, બાકી તો સમ્યક્ત્વના અતીન્દ્રિય મહાઆનંદને બહારની કોઇ ઉપમા લાગી શકતી નથી.) એકવાર આવા આનંદનો સ્વાદ ચાખ્યો પછી તેને જગત સાવ જાુંદુ જાંદુ લાગે છે. પર્વત પર વીજળી પડતાં જેમ મોટી ઊંડી તીરાડ પડી જાય તેમ ભેદજ્ઞાનરૂપી વીજળી વડે જ્ઞાન અને રાગ વચ્ચે, સ્વ અને પર વચ્ચે તીરાડ પડતાં તેમની અત્યંત જાુદાઇ સ્પષ્ટ ભાસે છે. હવે તેઓ કદી એકપણે ભાસતા નથી. અનાદિકાળના દુઃખના દરિયામાંથી બહાર નીકળી સાદિઅનંત સુખના મહાસમુદ્રમાં પ્રવેશ થઈ ગયો– એના પરમ આહ્લાદની શી વાત!! એની અધિકતા આશ્ચર્યકારી હોય છે. જગતની તમામ પ્રકારની દ્વિધાઓમાંથી નીકળવાનો માર્ગ તેને હાથ આવી ગયો. અહા! –

"મન શાંત ભયો, મીટ સકલ દ્વંદ;
ચાખ્યો સ્વાતમ – રસ, દુઃખ નિકંદ."

આમ સ્વાત્માનો આનંદરસ ચાખ્યો ત્યાં તમામ દ્વંદ–ફંદ વગેરે મટી ગયા, ને પરમ શાંતદશા થઈ. તેને હવે રાગ અને દ્વેષનો રસ છૂટી ગયો, મધ્યસ્થતા – વીતરાગતા પ્રિય લાગી. "મારા શાંતરસપૂર્ણ આત્મામાં જ હું છું, બીજે ક્યાંય હું નથી" એમ હંમેશાં રહ્યા કરે છે. લક્ષ તો બસ! આત્માનું.. . આત્માનું... ને આત્માનું! વચ્ચે ગમે તે પ્રસંગ આવે, ગમે તે યોગ બને, પરંતુ આત્મા સિવાય કાંઈ ઇષ્ટ ન લાગે, ક્યાંય મન ચોંટે જ નહિ. વેપારાદિ યોગ્ય ધંધા તેને સ્વ–પોષણ અર્થે કરવા પડે તેમાં પણ તે મધ્યસ્થતાપૂર્વક અને આત્માના લક્ષપૂર્વક જ વર્તતો હોય. જળકમળવત્ રહેવાનું તેનું સાહજિક જીવન હોય. અને તેવા સહજ જીવનને વધારે વેગ આપે તેવા ધર્મચર્ચા–તીર્થયાત્રા –સ્વાધ્યાય – જિનમહિમા વગેરે પ્રસંગોમાં તેને પ્રેમ હોય. તેના વિચાર–વાણી અને વર્તન હંમેશાં તત્ત્વથી અવિરુદ્ધ રહ્યા કરતા હોય. જિનમાર્ગથી વિપરીત કોઇ માર્ગને તે પુષ્ટિ આપે નહીં. વળી બોલવું – ચાલવું વગેરે પ્રવૃત્તિમાં પણ તેને આત્મસ્વભાવની ને જૈનધર્મની મહત્તા નીતરતી હોય. સાધર્મી જ્ઞાનીને દેખતાં તેના હૃદયમાં આનંદ ઉલ્લસી આવે.

આવી અપૂર્વ સમ્યક્ત્વદશા પછી પણ વિશેષ આગળ વધવા માટે તેનું ચિત્ત હવે સંયમ તરફ ઢળતું જાય. બાહ્ય સુખ અને સગવડો તેને સુખનાં કિંચિત્ પણ કારણભૂતન લાગવાથી સંયમિત જીવનની ભાવના તેના હૃદયમાં સદાય વર્તની હોય.

છે. દેહાત્મબુદ્ધિ ટળી જવાથી તેને ઘણી આકુળતા ઓછી થયેલી જણાય. – આમ સમ્યગ્દર્શનના પ્રત્યક્ષ ફળને તે આત્મામાં નિરંતર અનુભવતો હોય; સમ્યગ્દર્શનવડે ભવાટવીમાંથી બહાર નીકળીને સિદ્ધાલયમાં પ્રસ્થાન કરવાનું મંગળમુહૂર્ત કરીને હવે તે સમ્યગ્દર્શનના આધારે – આધારે જીવનને ઉજ્જવળ કરતો – કરતો મુક્તિપુરીમાં ચાલ્યો જાય છે.

(નોંધ: સમ્યગ્દર્શન જેને થયું હોય તે જ તેના દ્વારા થતા અનુભવનું વર્ણન યથાર્થ કરી શકે. અમારાથી તો વાંચેલું– સાંભળેલું કે તેવા જીવને જોવાથી થયેલા ભાવોનું જ વર્ણન શક્ય બને. આ લખતાં – લખતાં એવા સમ્યક્ત્વસંબંધી ભાવોનું જે ખૂબ – ખૂબ ઘોલન થયું ને તેનો ઊંડો મહિમા જાગ્યો તે જ મહાન લાભ છે.)

* * *

# આત્મસન્મુખ જીવની

# સમ્યક્ત્વ - સાધના

(સમ્યગ્દર્શન – લેખમાળા: લેખ નં. ૪ લે: કોકિલાબેન સોમચંદ જૈન અમદાવાદ.)

જૈનમાર્ગને ભૂલીને ભૌતિક પદાર્થોમાં સુખ માનનારા દુનિયાના જીવો ભોગસન્મુખ દોડી રહ્યા છે, અને તેમના મનમાંની જ્વાળાઓ ભભૂકી રહી છે; હવે તેમાંથી કોઇક વિરલ જીવ – કે જેને જ્ઞાની–ગુરુઓના પ્રતાપે આધ્યાત્મિક સુખની ભાવના જાગી છે, જેને અપૂર્વ આત્મશાંતિનો માર્ગ પ્રાપ્ત કરવો છે, આત્માને ઓળખીને તેની સાધના કરવી છે, એ રીતે દુઃખમય સંસારથી દૂર થઈને સમ્યગદર્શનવડે મુક્તિના મહાન સુખનો માર્ગ લેવો છે, – તેવા આત્મસન્મુખ જીવની રહેણીકરણી અને વિચારધારા અનોખી હોય છે.

સમ્યક્ત્વની તૈયારીવાળો તે જીવ સમ્યક્ત્વની પૂર્વભૂમિકામાં પ્રથમ તો પોતાના જ્ઞાનસ્વભાવનો મહિમા લક્ષમાં લ્યે છે; તેને તે સ્વભાવ તરફ ઢળતા વિચારો હોય છે. કોઈ અમુક જ પ્રકારનો વિચાર કે વિકલ્પ હોય એવો નિયમ નથી, પણ સમુચ્ચયપણે વિકલ્પનો રસ તૂટીને ચૈતન્યનો રસ ઘૂંટાય – એટલે તેની પરિણતિ સ્વભાવ તરફ ઉલ્લસતી જાય એવા જ પરિણામ હોય. કોઇને હું જ્ઞાન છું એવા વિચાર હોય, કોઈને સિદ્ધ જેવું આત્મસ્વરૂપ છે એવા વિચાર હોય, કોઈને આત્માની અનંત શક્તિના વિચાર હોય – એમ

કોઈ પણ પડખેથી જીવને પોતાના સ્વભાવ તરફ ઝુકવાના વિચાર હોય છે. પછી જ્યારે અંતરની કોઈ અદ્ભુત ઉગ્ર ધારાથી સ્વભાવ તરફ ઊપડે છે ત્યારે વિકલ્પો શાંત થવા માંડે છે, ને ચૈતન્યરસ ઘૂંટાતો જાય છે. તે વખતે વિશુદ્ધતાના અતિ સૂક્ષ્મ પરિણામોની ધારા વહે છે, જીવના પરિણામ સ્વરૂપના ચિંતનમાં વધુ ને વધુ મગ્ન થતા જાય છે. પહેલાં આત્માના સ્વભાવને લગતા અનેક પ્રકારનાં વિચાર હોય, તેના વડે સ્વભાવ– મહિમાને પુષ્ટ કરતો જાય છે, પણ તે વખતે સ્વભાવ પકડવા માટે જ્ઞાનની મહત્તા છે; તે જ્ઞાન વિકલ્પથી આઘું ખસીને સ્વભાવ તરફ અંદર ઢળે છે ત્યારે તેને પોતાના સાચા સ્વરૂપની મહત્તા સમજાય છે, અને પોતે કેવો છે – તેનું ભાન થાય છે. તે એમ જાણે છે કે–

હું એક શુદ્ધ સદા અરૂપી જ્ઞાન–દર્શનમય ખરે,
કંઈ અન્ય તે મારું જરી પરમાણમાત્ર નથી અરે!

શુદ્ધાતમ હૈ મેરા નામ, માત્ર જાનના મેરા કામ;
મુક્તિપુરી હૈ મેરા ધામ, મિલતા જહાં પૂર્ણ વિશ્રામ.

હું શુદ્ધ એક છું; રાગાદિ ભાવોથી અત્યંત જુદી મારી ચેતના છે. અગ્નિનો કણ ભલે નાનો હોય પણ તે કાંઈ બરફની જાતનો તો ન જ કહેવાય ને? તેમ કષાય – અંશ પણ ભલે શુભ હોય પણ તે કાંઈ અકષાય – શાંતિની જાત તો ન જ કહેવાય ને? – એમ તે જીવ વિકલ્પ અને જ્ઞાનની જાતને તદ્ન જુદી સમજે છે. રાગ એ પોતે દુઃખ છે તેથી તેમાં એકત્વ બુદ્ધિ કરવી તે દુઃખનું મૂળ છે. આત્મસન્મુખ થવા ઇચ્છતો જીવ તેનાથી અલિપ્ત રહેવા પ્રયત્ન કરે છે. તે વિચારે છે કે હું કોણ છું? કયાંથી થયો છું? મારું ખરું સ્વરૂપ શું છે? કયાં કારણે મારે આ સંસારની પળોજણ છે? – હું તેને કઈ રીતે તજું? તે જાણે છે કે પરપદાર્થ પ્રત્યેના મોહને લીધે જ હું મારા આત્મસ્વરૂપને ભૂલ્યો છું; તેથી સૌથી પહેલાં આત્માને ઓળખીને મોહને છોડું.–એમ વિચારી એકાંતમાં બેસી શાંતચિત્તે આત્મસ્વરૂપનું ચિંતન કરે છે, અંદર તેને જોવાનો પ્રયત્ન કરે છે. તરત થોડા દિવસમાં જ તે ન દેખાય તોપણ આળસ કર્યા વગર, રુચિ ને ધૂન છોડયા, વગર તે દ્રઢ પ્રયત્ન ચાલુ જ રાખે છે.

પુણ્યમય ભાવોથી જીવને સ્વર્ગાદિની પ્રાપ્તિ થાય છે, અને પાપમય ભાવોથી નરકાદિ ગતિની પ્રાપ્તિ થાય છે. સંસારની ચારે ગતિથી છૂટવા માટે તે મુમુક્ષુ પુણ્ય – પાપ બંનેથી રહિત એવા જ્ઞાનસ્વભાવનો નિર્ણય કરે છે. તે જાણે છે કે વિકલ્પથી નિર્ણય તે

સાચો નિર્ણય નથી; જ્ઞાનમાં વસ્તુ આવીને જે નિર્ણય થાય તે જ સાચો નિર્ણય છે. તે નિર્ણય કયારે થાય? – કે જ્ઞાનપર્યાય રાગથી જુદી થઈને, અંતર્મુખ થઇને પોતાના સ્વભાવને અખંડસ્વરૂપે લક્ષમાં લ્યે ત્યારે જ આત્મસ્વરૂપનો સાચો નિર્ણય થાય છે, અને આવા નિર્ણયપૂર્વક જ્ઞાનનો ઝુકાવ શુદ્ધાત્મા તરફ વળે છે. આ રીતે આત્મસન્મુખ થવાથી જ સિદ્ધિનો માર્ગ ખૂલે છે. સિદ્ધપદની આરાધના આત્માની અંદર જ થાય છે.

આત્મા પોતે જ્ઞાન–દર્શન – સુખસ્વભાવી મહાન પદાર્થ છે, તેમાં કોઈ કલેશ નથી. અહા, નીરાલંબી આત્મવસ્તુ! એને સાધનારા સંતોની દશા પણ અંતરમાં ઘણી નીરાલંબી હોય છે. તેઓ કહે છે કે હે જીવ! તારે પરમેશ્વરને જોવા હોય ને પરમેશ્વર થવું હો તો પરમેશ્વરની શોધ અંતરમાં જ કર. પરમેશ્વરપણું આત્મામાં જ છે. આ રીતે મુમુક્ષુ જીવ અંતર્શોધમાં વર્તે છે.

જીવાદિ પદાર્થોના સ્વરૂપની યથાર્થ શ્રદ્ધા કરનારું સમ્યગ્દર્શન તે ધર્મનું મૂળ છે. તે પ્રાપ્ત થતાં જગતમાં એવું કોઈ જ સુખ નથી કે જે જીવને પ્રાપ્ત ન થાય; એટલે સમ્યગ્દર્શનને જ સર્વસુખનું મૂળ કારણ જાણીને તેને સેવો. આ સંસારમાં તે જ પુરુષ શ્રેષ્ઠ છે, તે જ કૃતાર્થ છે અને તે જ પંડિત છે કે જેના હૃદયમાં નિર્દોષ સમ્યગ્દર્શન પ્રકાશે છે. સમ્યગ્દર્શન જ સિદ્ધિપ્રસાદનું પ્રથમ સોપાન છે, મોક્ષમહેલનું પહેલું પગથિયું સમ્યગ્દર્શન છે; તે જ દુર્ગતિનાં દ્વારને રોકનાર મજબુત કમાડ છે, તે જ ધર્મના ઝાડનું સ્થિર મૂળિયું છે, તે જ મોક્ષપુરીનું પ્રવેશદ્વાર છે, અને તે જ શીલરૂપી હારની વચમાં લાગેલું શ્રેષ્ઠ રત્ન છે; સંસારની મોટી વેલને તે મૂળમાંથી ઊખેડી નાંખે છે. આવો સમ્યક્ત્વનો મહિમા આત્મસન્મુખ જીવ જાણે છે તેથી તેને માટે તે અત્યંત પુરુષાર્થ કરે છે. સમ્યગ્દર્શન થતાં અનંત સંસારનો અંત આવી જાય છે ને અનંત મોક્ષસુખનો પ્રારંભ થાય છે. જેમ શરીરના સર્વે અંગોમાં મસ્તક પ્રધાન છે અને મુખમાં નેત્ર મુખ્ય છે તેમ મોક્ષને પ્રાપ્ત કરવા માટે સર્વ ધર્મોમાં સમ્યગ્દર્શન જ મુખ્ય છે.

ધર્મીજીવ ચૈતન્યના સ્વાદના બળે રાગાદિ સમસ્ત પરભાવોને જુદા જાણે છે; અનાદિથી રાગમાં જે કદી નહોતું આવ્યું એવું નવીન વેદન ધર્મીને ચૈતન્યસ્વાદમાં આવે છે. તેને આત્માની અનુભૂતિમાં અતીન્દ્રિય ચૈતન્યરસનો જે અત્યંત મધુર સ્વાદ આવ્યો તેમાં અનંત ગુણનો રસ સમાઈ જાય છે. આવા વેદનપૂર્વક પર્યાયમાં જે ચૈતન્યધારા પ્રગટે છે તેમાં રાગાદિ અન્યભાવોનો અભાવ છે, એટલે રાગનો અને જ્ઞાનનો સ્વાદ અત્યંત

સ્પષ્ટ જુદો જણાય છે. રાગ વગરનો એ ચૈતન્યસ્વાદ અત્યંત મધુર અને જગતના બીજા બધા રસોથી જુદી જાતનો છે. આનંદપર્યાયસહિતના દ્રવ્યમાં વ્યાપેલો આત્મા તે હું છું એમ ધર્મીજીવ અનુભવે છે. વિકલ્પો બધા તે અનુભૂતિથી જુદા રહી જાય છે, તે વિકલ્પો વડે આત્મા પમાતો નથી. આત્મસન્મુખ જીવ ચેતનસ્વાદના અનુભવમાં રાગને ભેળવતો નથી, તે આત્માને સ્વરસમાં જ રાખે છે, અને પર્યાય પણ તેવી જ થઈને પરિણમી રહે છે. મોહ જરાપણ મારો નથી, હું તો દ્રવ્યમાં તેમ જ પર્યાયમાં સર્વત્ર એક ચૈતન્યરસથી ભરેલો છું; સર્વપ્રદેશે શુદ્ધ ચૈતન્યપ્રકાશનો નિધાન છું – એમ તે અનુભવે છે.

આવા ચૈતન્યસ્વભાવને સ્વીકારનારાં શ્રદ્ધા–જ્ઞાન તે રાગાદિ પરભાવોથી જુદા ને જુદાં જ રહે છે અને તે અંદરના આનંદ અને અનંતગુણની નિર્મળ પરિણતિ સાથે એક રસપણે પરિણમે છે. અનંતગુણના સ્વાદથી એકરસ ભરેલો ચૈતન્યરસ ધર્મીને અનુભવમાં સ્વાદમાં આવે છે. સ્ત્રી – પુત્ર, માન – અપમાન વગેરે સંબંધી અનેક પ્રકારનાં દુઃખોથી અને રાગ–દ્વેષથી છૂટવા માટે આવા આત્માની ભાવના જ એક અપૂર્વ ઔષધ છે.

દુઃખથી છૂટવા ને સુખ પામવા આત્મસ્વભાવની આરાધના એ મુમુક્ષુજીવનું ધ્યેય છે. તે ધ્યેયની સફળતા માટે આરાધક–ધર્માત્માઓનો સત્સમાગમ કરીને તે પોતાની આત્માર્થિતાને પુષ્ટ કરે છે. એવા આરાધક જીવોનો સત્સમાગમ પ્રાપ્ત થવો બહુ દુર્લભ છે કેમ કે જગતના જીવોમાં આરાધક જીવો અનંતમા ભાગના જ છે – આમ છતાં, આત્માને સાધવા માટે જાગેલા મુમુક્ષુને કોઈને કોઈ પ્રકારે તેનો માર્ગ બતાવનારા જ્ઞાની મળી જાય છે. રાગાદિથી ભિન્ન જ્ઞાનચેતનારૂપે પરિણમેલા જ્ઞાનીને ઓળખીને તે તેનો સમાગમ કરે છે, ને તે જ્ઞાનીના જ્ઞાનભાવોની ઓળખાણ થતાં તે આત્માર્થીજીવનાં પરિણામ આત્મસ્વભાવ તરફ ઝૂકે છે; તેની આત્માર્થિતા પુષ્ટ થાય છે ને રાગનો રસ તૂટતો જાય છે. એમ થતાં કદી નહિ અનુભવાયેલી એવી અપૂર્વ આત્મશાંતિના ભાવો તેને પોતામાં જાગે છે. જ્ઞાનીના સાચા સમાગમનું આવું ફળ જરૂર આવે જ છે.

આત્માર્થી જીવને મોંઘા સત્સમાગમની પ્રાપ્તિનો અને આત્માર્થની પુષ્ટિ કરીને શાંતિના વેદનનો આ સોનેરી અવસર છે. તેને એમ થાય છે કે હવે મારું કામ એક જ છે કે બધામાંથી રસ છોડીને, સમયેસમયે સ્વની સંભાળ કરીને, બધા પ્રકારથી આત્મવસ્તુનો મહિમા ઘૂંટીઘૂંટીને રાગથી જુદા ચૈતન્યભાવનું અંતરવેદન કરવું. તે વિચારે છે કે હવે હું મારા પ્રયત્નમાં ઊંડો ઊતરીશ; મારો આત્મા જ આનંદનો મહાસાગર છે તેમાં ડુબકી મારીને તેના એક ટીપાંનો સ્વાદ લેતાં પણ રાગાદિ સમસ્ત પરભાવનો સ્વાદ છૂટીને

ચૈતન્યના આનંદનો કોઇ અપૂર્વ સ્વાદ વેદાય છે, તો આખા આનંદના દરિયાની શી વાત! કોઇ ધગધગતા તાપમાંથી શીતળ પાણીના સરોવરમાં ડુબકી મારે અને તેને ઠંડક અનુભવાય, તેમ આ સંસારમાં અનાદિથી અજ્ઞાન અને કષાયના તાપમાં બળતો અજ્ઞાની જીવ ચૈતન્યતત્ત્વનું ભાન કરીને શાંતસરોવરમાં ડુબકી મારે છે, ત્યાં તેને અપૂર્વ શાંતિ અનુભવાય છે.

ધર્મીજીવ ગમે તેવા અનુકૂળ કે પ્રતિકૂળ સંયોગો વચ્ચે પણ પોતાના ચૈતન્ય તત્ત્વની શાંતિને ચુકતા નથી. જેમ સોનું અગ્નિમાં તપે છતાં સોનું જ રહે છે, તેમ સંયોગ અને રાગ – દ્વેષ વચ્ચે પણ ધર્માત્માનું જ્ઞાન તે જ્ઞાન જ રહે છે. રાગથી જુદા જ્ઞાનતત્ત્વની અનુભૂતિ ધર્મીને સદાય વર્તે છે, અને તે જ મોક્ષનું સાધન છે. તે ધર્મીજીવને ચૈતન્યના આનંદની એવી ખૂમારી હોય છે કે, દુનિયા કેમ રાજી થશે ને દુનિયા મારે માટે શું બોલશે – તે જોવા રોકાતા નથી, લોકલાજને છોડીને એ તો પોતાની ચૈતન્યસાધનામાં મશગુલ છે.

જેમ આકાશની વચ્ચે અદ્ધર અમૃતનો કૂવો હોય તેમ મારું ચૈતન્યગગન નીરાલંબી ને આનંદના અમૃતથી ભરેલું છે; તે આનંદનો સ્વાદ લેવામાં વચ્ચે રાગાદિના આલંબનની જરૂર રહેતી નથી. પોતાના કાર્ય માટે બીજાનું આલંબન માંગવું તે કાયરનું કામ છે; મોક્ષના સાધકો શૂરવીર હોય છે, કોઈના આલંબન વગર પોતાના સ્વાવલંબને જ તેઓ પોતાના મોક્ષકાર્યને સાધે છે.

જેને આત્માની લગન લાગી છે એવા જીવને આત્માની અનુભૂતિ સિવાય બીજા કોઈ પરભાવોમાં કે સંયોગોમાં ક્યાંય ચેન પડતું નથી. તેને પોતાના ચૈતન્યની જ ધૂન લાગેલી હોય છે. દુનિયા મારે માટે શું માનશે ને શું કહેશે – એ જોવા તે રોકાતો નથી; તે કહે છે કે દુનિયા દુનિયાને ઘેર રહી, મારે તો દુનિયાને એકકોર મુકીને મારું આત્મહિત કરી લેવાનું છે. – આ રીતે આત્મસન્મુખ જીવને દુનિયાનો રસ છૂટી જાય છે ને ચૈતન્યનો સ્વાદ લેવામાં ઉપયોગ વળે છે. તેને જ્ઞાન વિકલ્પની ભિન્નતા ભાસે છે કે વિકલ્પનો એક અંશ પણ મારા જ્ઞાનનું કાર્ય નથી. વિકલ્પના સ્વાદ કરતાં મારા જ્ઞાનની જાત જ જાુદી છે. રાગનો એક અંશ પણ જ્ઞાનપણે ભાસતો નથી. આવા નિર્ણયના જોરે એકવાર જેને આત્માનો રંગ ચડી જાય તે જીવ રાગથી છૂટો પડીને જ્ઞાનસ્વભાવનો સાક્ષાત્ અનુભવ કરે છે. વિકલ્પોથી અત્યંત વિરક્ત થઈને જ્ઞાનસ્વભાવમાં તન્મયપણે પરિણમ્યો તે જીવ પોતાને પરમાત્માપણે અનુભવે છે; અને આવો અનુભવ કરનાર જીવ અલ્પકાળમાં સાક્ષાત્

પરમાત્મદશાને પામે છે. આત્મઅનુભૂતિ થવાના કાળે આત્મા પોતાના નિજરસથી જ અનંતગુણના શાંત – અનાકુળ સ્વાદરૂપે પરિણમે છે; તેમાં વિકલ્પનો સ્વાદ નથી, એકલા ચૈતન્યરસનો સ્વાદ છે.

આવા આત્મસન્મુખ જીવની રહેણી – કરણી જુદી જાતની હોય છે. દુનિયાની વચ્ચે રહેતો હોવા છતાં દુનિયાથી જુદું તેનું અંતર કામ કરતું હોય છે. દુનિયાના વિષયોનો રસ છૂટીને તેને તો માત્ર આત્માની ધૂન લાગે છે. કષાયના પ્રસંગો તેને ગમતા નથી; દુનિયાની પંચાત તે પોતાને માથે રાખતો નથી. પોતાના મહાન આત્મતત્ત્વને લક્ષમાં લેવા સિવાય બીજા કોઇ કાર્યોમાં આત્માની શક્તિ ખરચવાનું તેને પાલવતું નથી, એટલે સર્વ શક્તિથી પોતાના પરિણામને તે આત્મા તરફ જ વાળતો જાય છે. અરે, અનંતકાળથી મારું કિંમતી સ્વરૂપ સમજ્યા વગર મેં મારા આત્માનું બગાડયું છે, પણ હવે આ ભવમાં તો મારે મારા આત્માનું સુધારી લેવું છે. અપૂર્વ સત્સમાગમ મળ્યો છે તે મારે સફળ કરવો છે. હવે ભવદુઃખનો મને થાક લાગ્યો છે. જગતની મોટાઈ મારે જોઈતી નથી. મારે તો મારા આત્માની શાંતિ જોઈએ છે. – એમ વિચારીને તે અંતર્મુખ થાય છે. એક આત્માર્થ સાધવો એ જ એનું લક્ષ છે.

હાલ વર્તમાનકાળમાં પણ આવા આત્મસન્મુખ જીવો દેખવામાં આવે છે. તેઓનો પુરુષાર્થ ચાલુ છે અને તેઓ પણ આત્મઅનુભવ પ્રાપ્ત કરશે. આવા આત્મસન્મુખ જીવો બીજા જિજ્ઞાસુને પણ આત્માનો અપાર મહિમા સમજાવીને સાચો માર્ગ બતાવે છે, ને કુમાર્ગોથી છોડાવે છે. અરેરે, અત્યારે તો દુનિયામાં કુગુરુઓ અનેક જાતની કુયુક્તિથી ભોળા જીવોને કુમાર્ગમાં ફસાવે છે. દુનિયા તો સદાય એમ ચાલવાની છે; પણ હે જિજ્ઞાસુ બંધુઓ! તમે આવો મજાનો જૈનધર્મ અને વીતરાગમાર્ગ પામ્યા, આત્મસ્વરૂપ સમજાવનારા સંતોનો તમને યોગ મળ્યો, તો હવે કુગુરુઓ સામે કે અન્યમત સામે ભૂલેચૂકે ઝાંખીને પણ જોશો મા, – કેમકે તેમાં આત્માનું ઘણું જ બૂરું થાય છે. આવા સરસ વીતરાગ – જૈનમાર્ગને જ પરમ બહુમાનથી આદરજો, તે જ એક આ જગતમાં પરમ હિતકર છે. હે ભાઈ! આ અવસર પામીને તું જાગ. હવે ઊંઘવાનો સમય પૂરો થયો. માટે જાગૃત થઈ, આત્માને સંભાળી, ભવદુઃખથી છૂટવાનો ને મોક્ષસુખને પામવાનો ઉદ્યમ કર. સમ્યક્ત્વ – પ્રાપ્તિનો આ સોનેરી અવસર છે.

(લેખનો બીજો ભાગ આવતા અંકે)

# વીતરાગવિજ્ઞાન-પ્રશ્નોત્તરી

( છહ્ઢાળાની ત્રીજીઢાળના પ્રવચનો ઉપરથી સંકલનઃ ગતાંકથી ચાલુ )

૧૬૬. તે મોક્ષનો ઉપાય કેવો છે?
તે પણ રાગ વગરનો છે.
૧૬૭. શુભરાગને મોક્ષનું કારણ માને તો?
તેને મોક્ષની કે મોક્ષના ઉપાયની ખબર નથી.
૧૬૮. મોક્ષનાં અને બંધનાં કારણ કેવાં છે?
ભિન્નભિન્ન છે; મોક્ષનું કારણ વીતરાગ છે, બંધનું કારણ રાગ છે.
૧૬૯. જે મોક્ષનું કારણ હોય તે બંધનું કારણ થાય? ... ના...
૧૭૦. જે બંધનું કારણ હોય તે મોક્ષનું કારણ થાય? ના...
૧૭૧. સાતતત્ત્વની ઓળખાણ તે શું છે?
તે વીતરાગ જૈનધર્મનો એકડો છે.
૧૭૨. સાતતત્ત્વ જાણીને શું કરવું?
આત્માના શુદ્ધસ્વભાવની અનુભૂતિ, પ્રતીત કરવી.
૧૭૩. સામાયિક કયારે થાય?
સમભાવી જ્ઞાનસ્વભાવી આત્માને જાણે ત્યારે.
૧૭૪. તે સામાયિકનું ફળ શું? ... મોક્ષ.
૧૭૫. બહિરાત્મા જીવ પરમાત્મા થઈ શકે?
હા, તે આત્માને ઓળખીને પરમાત્મા થઇ શકે છે.
૧૭૬. એકેક જીવમાં પરમાત્મા થવાની તાકાત કોણ બતાવે છે?
એ વાત જૈનશાસન જ બતાવે છે.
૧૭૭. નરકમાં પણ અંતરાત્મા હોય?
હા; ત્યાં પણ જે અસંખ્ય સમ્યગ્દ્રષ્ટિ છે તે અંતરાત્મા છે.
૧૭૮. અંતરાત્માના ગુણસ્થાન કયા કયા?
.. . ચારથી બાર.
૧૭૯. ઉત્તમ અંતરાત્મા કોણ?
સાતથી બાર ગુણસ્થાનવર્તી શુદ્ધોપયોગી મુનિ.
૧૮૦. મધ્યમ અંતરાત્મા કોણ?
દેશવ્રતી – શ્રાવક ને મહાવ્રતી – મુનિ.
૧૮૧. સૌથી નાના અંતરાત્મા કોણ?
સમ્યગ્દ્રષ્ટિ – અવ્રતી ગૃહસ્થ.
૧૮૨. એ ત્રણે પ્રકારના અંતરાત્મા કેવા છે?
ये तीनों शिवमगचारी – તે ત્રણેય મોક્ષમાર્ગી છે.
૧૮૩. શું ગૃહસ્થ પણ મોક્ષમાર્ગમાં સ્થિત છે?
હા; गृहस्थो मोक्षमार्गस्थ निर्मोहो।।। ( રત્નકરંડશ્રાવકાચાર )
૧૮૪. મનુષ્યલોકમાં કેટલા અરિહંતભગવંતો વિચરે છે?
લાખો અરિહંત પરમાત્મા અત્યારે

પણ મનુષ્યલોકમાં વિચરે છે.

૧૮૫. અરિહંત ભગવાનને કયું ગુણસ્થાન હોય?
તેરમું અને ચૌદમું.

૧૮૬. ગામડિયાને આત્માની આવડી મોટી વાત સમજાય છે?
ભાઈ, તું ગામડિયો નથી, તું અનંતગુણવંત ભગવાન છો.

૧૮૭. જ્ઞાનીઓ શું બતાવે છે?
જે સ્વરૂપ છે તે જ બતાવે છે; વિશેષ કંઈ નથી કહેતા.

૧૮૮. આ વાત કેવી છે?
પોતાના હિત માટે જરૂર સમજવા જેવી છે.

૧૮૯. કરોડો રૂપિયામાં કે બંગલા – મોટરમાં કેટલું સુખ છે?

એમાં કયાંય સુખનો છાંટોય નથી.

૧૯૦. તો સુખ કયાં છે?

સુખ તો આત્માના સમ્યગ્દર્શન – જ્ઞાન – ચારિત્રમાં જ છે.

૧૯૧. શરીર – રૂપિયા – મકાન વગેરે જીવ છે કે અજીવ?

તે બધા અજીવ છે.

૧૯૨. અજીવમાં સુખ હોય? – કદી ન હોય.

૧૯૩. પરલક્ષી શુભાશુભભાવોમાં સુખ છે?

– ના.

૧૯૪. સંવર–નિર્જરારૂપ સુખમાં કોની સન્મુખતા છે?

તેમાં આત્માની સન્મુખતા છે.

૧૯૫. આસ્રવ –બંધરૂપ દુઃખમાં કોની સન્મુખતા છે?
તેમાં પરસન્મુખતા છે.

૧૯૬. મનુષ્યક્ષેત્રમાં અત્યારે અરિહંતો છે?

હા, વિદેહમાં સીમંધરસ્વામી વગેરે લાખો અરિહંતો છે.

૧૯૭. આ ભરતક્ષેત્રમાં કોઇ અરિહંત હતા?
હા; અઢીહજાર વર્ષ પહેલાં મહાવીરપ્રભુ વિચરતા હતા.

૧૯૮. સંસ્કૃતભાષામાં પહેલવહેલા સિદ્ધાંતસૂત્ર કોણે રચ્યાં?
શ્રી ઉમાસ્વામીએ મોક્ષશાસ્ત્ર સંસ્કૃતમાં રચ્યું; તેઓ કુંદકુંદચાર્યદેવના શિષ્ય હતા.

૧૯૯. તે મોક્ષશાસ્ત્ર ઉપર કોણે – કોણે ટીકા રચી છે?

પૂજ્યપાદસ્વામીએ સર્વાથસિદ્ધિ, અકલંકદેવે તત્ત્વાર્થ – રાજવાર્તિક, અને વિદ્યાનંદીસ્વામીએ તત્ત્વાર્થશ્લોકવાર્તિક, એ ત્રણ મહાન ટીકાઓ રચી છે.

૨૦૦. તે મોક્ષશાસ્ત્રનું પહેલું જ સૂત્ર શું છે?
‘सम्यग्दर्शन– ज्ञान –चारित्राणि मोक्षमार्गः। ’

૨૦૧. સમયસારની ૧૧ મી ગાથામાં સમ્યગ્દર્શન કોને કહ્યું છે?

ભૂતાર્થસ્વભાવના આશ્રયે સમ્યગ્દર્શન કહ્યું છે.

૨૦૨. નવતત્ત્વને જાણે, પણ શુદ્ધાત્માને ન ઓળખે તો?
– તો તેને સમ્યગ્દર્શન ન થાય; ને તેનું નવતત્ત્વનું જ્ઞાન પણ સાચું ન કહેવાય.

૨૦૩. વીતરાગ ભગવંતો કયા માર્ગે મોક્ષમાં ચાલ્યા?
અંતર્મુખી શુદ્ધ રત્નત્રયના માર્ગે તેઓ મોક્ષમાં ગયા.

૨૦૪. જીવને બહિરાત્મદશામાં શું હતું? બહિરાત્મદશામાં તે એકાંત દુઃખી હતો.

૨૦૫ હવે અંતરાત્મા થતાં શું થયું? આત્માનું સાચું સુખ અનુભવમાં આવ્યું.

૨૦૬. રાગાદિ ભાવો કેવા છે? તેઓ અંતર્સ્વભાવના આશ્રયે ઉત્પન્ન થયેલા નથી.

૨૦૭. અંતર્સ્વભાવના આશ્રયે શું ઉત્પન્ન થાય?
વીતરાગી જ્ઞાન–આનંદરૂપ શુદ્ધ ભાવો પ્રગટે.

૨૦૮. આપણે પરમાત્માને ઓળખી શકીએ?
હા; અંતરાત્મા થઈને પરમાત્માને ઓળખી શકાય છે.

૨૦૯. જડ– શરીરમાં જીવનો કોઈ ધર્મ હોય?
– ના.

૨૧૦. બી. એ. એમ. એ. ભણે, પણ આત્માને ન ઓળખે તો?
– તો વીતરાગી આત્મવિદ્યામાં તે મૂરખ છે, નાપાસ છે.

૨૧૧. આત્માના હિત માટે કેવી વિદ્યા શીખવી?
જીવ – અજીવના ભેદજ્ઞાનરૂપ વીતરાગ વિદ્યા શીખવી.

૨૧૨. અંતરાત્માનું લક્ષણ શું?
– જ્ઞાનચેતનાની અનુભૂતિ.

૨૧૩. જ્ઞાનચેતનાવંત અંતરાત્માને ખરેખર કોણ ઓળખી શકે?
જે પોતે અંતરાત્મા થાય તે.

૨૧૪. એકલા અનુમાનવડે અંતરાત્માને ઓળખી શકાય? – ના.

૨૧૫. રાગ અને શરીરનો નાશ થાય તો આત્મા જીવે?
હા; આત્મા પોતાના ચેતનસ્વભાવે સદા જીવંત છે.

૨૧૬. આત્માને અનુભવનારા અંતરાત્મા કેવા છે? તેઓ પરમાત્માના પાડોશી છે.

૨૧૭. અંતરાત્માને રાગ હોય? કોઈ ને હોય છે; બધાયને નથી હોતો.

૨૧૮. રાગ હોવા છતાં અંતરાત્મા શું કરે છે? પોતાની ચેતનાને રાગથી જુદી અનુભવે છે.

૨૧૯. અંતરાત્માની ઓળખાણ કરતાં શું થાય?
જીવ–અજીવનું સાચું ભેદજ્ઞાન થઈ જાય.

૨૨૦. શરીરથી, રાગથી લાભ માને તો શું થાય?
તો તે રાગથી ને શરીરથી છૂટી શકે નહિ, ને વીતરાગી મોક્ષમાર્ગમાં આવી શકે નહિ; એટલે સંસારમાં જ રહે.

૨૨૧. સમ્યગ્દ્રષ્ટિને અશુભભાવ હોય ત્યારે?
– ત્યારે પણ તે અંતરાત્મા છે.

૨૨૨. મિથ્યાદ્રષ્ટિ શુભભાવ કરતો હોય ત્યારે?
– ત્યારે પણ તે બહિરાત્મા છે.

૨૨૩. રાગ વખતે અંતરાત્માની ચેતના કેવી છે? ત્યારે પણ તેની ચેતના રાગથી અલિપ્ત જ છે.

૨૨૪. વ્યવહારરત્નત્રયવાળો અજ્ઞાની કેવો છે?
અવ્રતી – જઘન્ય – અંતરાત્માથી પણ તે હલકો છે; તેનું સ્થાન મોક્ષમાર્ગમાં નથી.

૨૨૫. સમ્યગ્દ્રષ્ટિની પરિણતિ કેવી છે? કોઈ અદ્‌ભુત – આશ્ચર્યકારી છે; જ્ઞાન વૈરાગ્યસંપન્ન છે.

૨૨૬. અવિરત – સમ્યગ્દ્રષ્ટિને કેટલી કર્મપ્રકૃતિ નથી બંધાતી?
તેને કુલ ૪૩ કર્મપ્રકૃતિ તો બંધાતી જ નથી ( ૪૧ + ૨ )

૨૨૭. અવિરત સમ્યગ્દ્રષ્ટિને સંયમ છે? ના; સંયમ નથી, પણ સંયમની ભાવના નિરંતર વર્તે છે.

૨૨૮. નાનામાં નાના સમ્યગ્દ્રષ્ટિની આત્મશ્રદ્ધા કેવી છે?
સિદ્ધ ભગવાન જેવી.

૨૨૯. કુંદકુંદદેવે મોક્ષપ્રાભૃતમાં સમ્યગ્દ્રષ્ટિને કેવો કહ્યો છે?
‘તે ધન્ય છે, કૃતકૃત્ય છે, શૂરવીર છે, પંડિત છે. ’

૨૩૦. સર્વજ્ઞ – પરમાત્માની જેને શ્રદ્ધા નથી તે જીવ કેવો છે?
તે જીવ બહિરાત્મા છે, ગૃહીત મિથ્યાદ્રષ્ટિ છે.

૨૩૧. સર્વજ્ઞનો ખરો સ્વીકાર કોણ કરે છે?
જ્ઞાનદ્રષ્ટિવંત સમ્યગ્દ્રષ્ટિ જ સર્વજ્ઞનો ખરો સ્વીકાર કરે છે.

૨૩૨. સર્વજ્ઞના સ્વીકારમાં શું– શું આવે છે?
અહા! સર્વજ્ઞના સ્વીકારમાં તો જ્ઞાનસ્વભાવનો સ્વીકાર છે; તે ધર્મનો મૂળ પાયો છે, તેમાં તો અપૂર્વ તત્ત્વજ્ઞાન છે; રાગ ને જ્ઞાનની ભિન્નતાનો અનુભવ છે.

૨૩૩. સર્વજ્ઞતા કેવી છે?
અહો! એની શી વાત! એ તો અતીન્દ્રિય જ્ઞાનરૂપ છે. મહા આનંદરૂપ છે, રાગ–દ્વેષ વગરની છે, વિકલ્પાતીત એનો મહિમા છે.

૨૩૪. શરીર હોવા છતાં સર્વજ્ઞપણું હોઈ શકે? – હા.

૨૩૫. સિદ્ધભગવંતો કેવા છે? જગતમાં સૌથી શ્રેષ્ઠ છે, અનંત છે, ભવનો અંત કરનારા મહંત છે, અનંત સુખવંત છે, દેહરહિત છે, જ્ઞાનશરીરી છે.

૨૩૬. અનંતા જીવ – પુદ્ગલો ક્યાં રહેલાં છે? આકાશના અનંતમા ભાગરૂપ લોકમાં.

૨૩૭. અનંત – આકાશને પણ જ્ઞાન પૂરું જાણે? હા; જ્ઞાનનું સામર્થ્ય તેથી પણ અનંત છે.

૨૩૮ આત્માના જ્ઞાનમાં ઈંદ્રિયો નિમિત્ત તો છે ને? ના; સ્વાધીન એવા અતીન્દ્રિયજ્ઞાનમાં ઈંદ્રિયો નિમિત્ત પણ નથી; ઇન્દ્રિયોનું નિમિત્તપણું તો પરાધીન એવા ઇન્દ્રિય જ્ઞાનમાં છે – પણ તે જ્ઞાનને તો હેય કહ્યું છે. અતીન્દ્રિજ્ઞાન જ આનંદનું કારણ હોવાથી ઉપાદેય છે.

૨૩૯. કેવળજ્ઞાનને કોઈ નિમિત્ત છે? હા, જ્ઞેયપણે આખું જગત તેને નિમિત્ત છે.

૨૪૦. સત્ય સમજવાની શરૂઆત કઈ રીતે કરવી?
વસ્તુનું પોતાનું સ્વરૂપ લક્ષમાં લઈને.

૨૪૧. હાલે–ચાલે –બોલે તે જીવ – એ સાચું? ના; જે જાણે તે જીવ જેનામાં જ્ઞાન ન હોય તે અજીવ.

૨૪૨. આસ્રવ – બંધનું કારણ શું છે?
જીવનો અશુદ્ધ ઉપયોગ.

૨૪૩. પુણ્ય – પાપના આસ્રવો તથા બંધ કેવાં છે?
જીવને દુઃખનાં કારણ છે, તેથી છોડવા જેવાં છે.

૨૪૪. દેડકું– સમ્યગ્દ્રષ્ટિ હોય તેને તત્ત્વશ્રદ્ધા હોય?
હા; જિનમાર્ગઅનુસાર તેને બરાબર તત્ત્વશ્રદ્ધા હોય છે.

૨૪૫. તત્ત્વોને જાણીને શું કરવું? હિતરૂપ તત્ત્વોને ગ્રહણ કરવા, ને દુઃખરૂપ તત્ત્વોને છોડવા.

૨૪૬. દુર્ભાગી કોણ? અવસર પામીને પણ જે આત્માને ન ઓળખે તે.

૨૪૭. વિદ્યાર્થીઓએ શું કરવું જોઈએ? તેમણે પણ આવું વીતરાગી ભણતર ભણવું જોઈએ.

૨૪૮. પરમેશ્વર કેવા છે? તેઓ જગતને જાણનારા છે, પણ જગતના કર્તા નથી.

૨૪૯. જગતના પદાર્થો કેવા છે? સ્વયં સત્ છે. કોઈ તેનો કર્તા નથી.

૨૫૦. આત્માના અનુભવ વગર સર્વજ્ઞને ઓળખી શકાય? – ના.

૨૫૧. શરીર છેદાય – ભેદાય ત્યારે જીવ શાંતિ રાખી શકે? હા; કેમકે જીવ શરીરથી જુદો છે.

(વિશેષ આવતા અંકે)

## અપૂર્વ આત્મશાંતિના અનુભવની બધી સામગ્રી આત્મામાં જ છે.

# આનંદમય આત્મસંપદાને અનુભવવી એ જ ધર્મીનો ધંધો છે.

( નિયમસાર સમાધિ અધિકારઃ કારતક સુદ ૭, સં. ૨૪૯૯ )

* * * * * * * * * * * * * * * * * *

**ધર્માત્મા- સંતો કહે છે કે અહો, ચૈતન્યની શાંતિને અનુભવવી તે અમારો વિષય છે. અહા, આનંદસંપદાનો આખો દરિયો આત્મા, તેમાથી એક બિંદુ પણ પ્રગટતાં જે આનંદ અનુભવાય છે તેવો આનંદ જગતના કોઈ વૈભવમાં નથી. આવા આનંદસ્વરૂપ આત્મા પોતે છે એટલે તેનો અનુભવ થઈ શકે છે.**

* * * * * * * * * * * * * * * * * *

અહો, ચૈતન્ય પરમતત્ત્વ – જે મારા અંતરમાં બિરાજી રહ્યું છે તે મને સમાધિ ગમ્ય છે. કોઈ અચિંત્ય વિકલ્પાતીત સમાધિ વડે ઉત્તમ આત્માના હૃદયમાં એટલે કે સમ્યગ્દ્રષ્ટિના અંતરમાં તે પરમ તત્ત્વ સ્ફૂરાયમાન થાય છે. સહજ આત્મસંપદાસહિત આ પરમાત્મતત્ત્વ સમાધિની સાથે જ રહે છે. રાગ-વિકલ્પો તો અસમાધિ છે, તેમાં ચૈતન્યની સંપદા નથી; આવા આત્મતત્ત્વને જાણનારા ધર્માત્મા પણ કહે છે કે અહો, આવું પરમ તત્ત્વ અમારી સમાધિનો વિષય હોવા છતાં, તેમાં સ્વસન્મુખ ઉપયોગને જોડયા વગર તેની નિર્વિકલ્પ શાંતિ અનુભવાતી નથી. વચનના વિકલ્પોમાં લક્ષ જાય તેટલી અસમાધિ છે. વચનવિકલ્પથી પાર થઇને નિર્વિકલ્પ ચૈતન્યધ્યાનમાં કોઈ પરમ અદ્‌ભુત આનંદ અનુભવાય છે... તે સાચી સમાધિ છે. આવા આત્માને અનુભવનારા જીવો જ ખરેખર ઉત્તમ આત્માઓ છે. ઝાઝો વૈભવ બહારમાં હોય કે શુભરાગ કરતો હોય તેને કાંઈ ઉત્તમ નથી કહેતા. અરે, ચૈતન્યની આનંદસંપદા પાસે જગતની સંપત્તિની શું કિંમત છે? આનંદસંપદાનો આખો દરિયો આત્મા, તેમાંથી એક બિંદુ પણ પ્રગટતાં જે આનંદ અનુભવાય છે તેવો આનંદ જગતના કોઈ વૈભવમાં નથી. આવા આનંદસ્વરૂપ આત્મા પોતે છે એટલે તેનો અનુભવ થઈ શકે છે. કયાંય બીજે દૂર એને શોધવા જવું પડે એવું નથી.

ધર્માત્મા – સંતો કહે છે કે અહો! ચૈતન્યની શાંતિને અનુભવવી તે અમારો વિષય છે. જેમ કોઈ ઝવેરાતનો વેપાર કરે, કોઈ કોલસાનો વેપાર કરે, કોઈ અનાજનો વેપાર કરે – એમ તેનો તે વિષય છે; તેમ ધર્માત્માને શેનો વેપાર છે? – તો કહે છે કે આત્માની શાંતિનો અનુભવ – એ જ અમારો વિષય છે. શાસ્ત્રરચનાનો કે ઉપદેશનો વિકલ્પ આવ્યો તેને જુદો રાખીને કહે છે કે અરે, વિકલ્પનો અનુભવ કાંઈ અમારો વિષય નથી, અમારો વિષય તો ચૈતન્યની શાંતિને અનુભવવાનો છે. બાહ્યવિષયો કે રાગાદિભાવો તે અમારાં નથી, અમારી આત્મસંપદાના અનુભવથી તેઓ બહાર છે.

અરે, આવી ચૈતન્યસંપદાને એકવાર લક્ષમાં તો લ્યો! તેમાં લક્ષને જોડતાં મહાઆનંદરૂપ સમાધિ થશે. અહા, આત્મામાં ઉપયોગ જોડતાં જે કોઇ અદ્ભુત શાંતિ અમને અનુભવાય છે તેની શી વાત!

## 卐 આનંદના અનુભવની ખાસ સામગ્રી 卐

હવે આવી અપૂર્વ શાંતિના અનુભવ માટેની સામગ્રી ધર્મીના અંતરમાં કેવી છે? તે ખાસ સામગ્રી બતાવે છે: (નિયમસાર ગા. ૧૨૩) અહીં ધર્મી જીવની પોતાની શુદ્ધ પરિણતિ તે જ તેની ધ્યાનની સામગ્રી છે, તેના વડે તે ધર્મી આત્માને ધ્યાવતો થકો સમાધિના પરમ વીતરાગસુખને અનુભવે છે. આ ધર્માત્માની અંદરની ખાસ સામગ્રી છે. ભાઈ, તારી સામગ્રી તો તારામાં જ છે; તેને બદલે બહારની સામગ્રી શોધી – શોધીને મફતનો વ્યગ્ર – ખેદખિન્ન શા માટે થાય છે? બહારની સામગ્રી વડે કાંઈ તને સુખ મળે તેમ નથી. સ્વયમેવ સુખરૂપે પરિણમતા આત્માને બાહ્ય સામગ્રી અકિંચિત્કર છે; બાહ્ય સામગ્રીમાંથી સુખ શોધનારા જીવો નકામાં પરતંત્ર થઈને દુઃખી થાય છે, – એ વાત પ્રવચનસારની ૧૬મી ગાથામાં કરી છે.

ઇન્દ્રિયોથી પાર ચૈતન્યસ્વરૂપ આત્માની આરાધનામાં તત્પરતા, તેમાં ઉપયોગની સન્મુખતા, તે જ સંયમ – નિયમ – અધ્યાત્મતપ અને ધ્યાન છે. – આવી ખાસ સામગ્રી વડે જે પોતાના આત્માને ધ્યાવે છે તે જીવને નિર્વિકલ્પ સમાધિનું પરમ સુખ અનુભવાય છે. પરિણતિ અંતર્સ્વરૂપમાં લીન થઈ, એટલે તે અંદર ઊંડી – ઊંડી ઊતરી ગઈ એમ કહેવાય છે. વિકલ્પવડે ચૈતન્યમાં પ્રવેશ થતો ન હતો, વિકલ્પાતીત ચૈતન્યપરિણતિવડે અંદર સ્વભાવનો અનુભવ થયો, તેને 'ઊંડો – ઊંડો' કહેવાય છે. બાહ્યવલણ છોડીને અંદરના

સ્વભાવમાં તે જીવ ઊંડો ઊતર્યો.... આનંદના દરિયામાં તેણે ડુબકી મારી.

અહો, આવી અંતર્મુખ પરિણતિ સિવાય બહારના બધા શુભાશુભભાવો તે તો આડંબર છે. ચૈતન્યભાવ તે સહજભાવ છે, તેમાં કોઈ પરભાવનો આડંબર નથી. શુભરાગ તે કાંઈ આત્માનો સહજ ભાવ નથી, તે તો પરાશ્રયે થયેલો આડંબર છે. શુભાશુભરૂપ બાહ્ય ક્રિયાકાંડનો આધાર આત્મા નથી, આત્મા તો રાગવગરની અંતઃક્રિયાનો આધાર છે. આવા આત્મસ્વભાવને જાણીને તેની સન્મુખ થયેલી ખાસ પરિણતિ તે ધર્મધ્યાન છે; તે જ આત્માને ધ્યાવવાની સાચી સામગ્રી છે. બીજી બધી સામગ્રી ( શુભક્રિયાઓ ) તે તો કહેવા માત્ર સાધન છે, પરમાર્થ તો તે આડંબર છે, તેનાથી પાર આત્માની અનુભૂતિ છે. આવી અનુભૂતિમાં ધ્યાતા – ધ્યાન – ધ્યેય કે તેનું ફળ એવા ભેદ–વિકલ્પો નથી, તે તો વિકલ્પોથી પાર અંતર્મુખાકાર આત્માને જ અવલંબનારી છે. ધ્રુવ તે ધ્યેય ને પર્યાય તે ધ્યાતા – એવા ભેદ પણ જેમાં નથી – એવા અંતર્મુખઆકાર પરમતત્ત્વમાં ઉપયોગની સ્થિરતા તે જ પરમ ધ્યાન છે. આવી પોતાની શુદ્ધ પરિણતિ તે જ અંતર્મુખ પરમ સામગ્રી છે; –આવી ખાસ સામગ્રીવડે જે ધર્મી પોતાના પરમાનંદમય તત્ત્વને ધ્યાવે છે તે જીવને પરમ સમાધિ છે. આવી સમાધિરૂપે પરિણમેલા જીવને બાહ્યસાધનના આલંબનની વ્યગ્રતા નથી. અરે જીવ ! તારા આત્મા સિવાય બહારમાં બીજા ભગવાનનું આલંબન પણ તારી સમાધિમાં ક્યાં છે ? બીજાનું આલંબન લેવા જઇશ તો તને અસમાધિ થશે. તારો આત્મા કાંઈ અધૂરો નથી કે કોઇ બીજાનું આલંબન લેવું પડે. સ્વભાવની સામગ્રીથી પરિપૂર્ણ તારો આત્મા છે તેના અવલંબનમાં શ્રદ્ધા–જ્ઞાન–સંયમ–તપ–ધ્યાન વગેરે બધું સમાઈ જાય છે. આખોય મોક્ષમાર્ગ આત્માના જ અવલંબને છે. આવા નિજ આત્માના અવલંબન વગરનું બધું વ્યર્થ છે, કેમકે તે સંસારનું જ કારણ છે.

અહો, અંતર્મુખ થઈને ચૈતન્યની સહજ નિર્વિકલ્પ સમાધિમાં જેઓ લીન છે, અને દ્વૈતની વિકલ્પજાળથી જેઓ મુક્ત છે – તે સંતોને હું નમું છું. નમું છું એટલે કે હું પણ એવા જ આત્માને મારું ધ્યેય બનાવીને તે તરફ ઢળું છું; ભેદના વિકલ્પો તરફ હું નથી નમતો. ચૈતન્યના નિર્વિકલ્પ ધ્યાનમાં સ્થિત સંતો પ્રત્યે મારો પ્રમોદ જાહેર કરીને તેમને હું નમું છું.

# અહો, સિદ્ધભગવંતોનું અચિંત્ય સુખ !

## શુદ્ધોપયોગના ફળરૂપ એ સુખ અત્યંત પ્રશંસનીય છે.

( પ્રવચનસાર ગા. ૧૩ ઉપર પ્રવચનઃ જયપુર જેઠ સુદ ૪–૫ સં. ૨૦૨૭ )

**શુદ્ધોપયોગ વડે કેવળજ્ઞાનને સાધીને મહાવીરાદિ ભગવંતો અપૂર્વ મહા આનંદમય સિદ્ધપદને પામ્યા... અહો, એ અતીન્દ્રિયસુખની શી વાત! ભગવંતોએ તે સુખનો માર્ગ જગતને ઉપદેશ્યો. અને તે જ માર્ગ કુંદકુંદાચાર્ય વગેરે વીતરાગી સંતોએ પરમાગમોમાં પ્રસિદ્ધ કર્યો છે.**

આત્માના પરમ સુખને માટે સમ્યગ્દર્શન – જ્ઞાન –ચારિત્ર કર્તવ્ય છે; એ ત્રણે શુદ્ધોપયોગમાં સમાય છે. તે માટે રાગાદિ સાથેની એકતા તોડીને જ્ઞાનાનંદસ્વરૂપમાં એકતા કરવી તે પહેલું કર્તવ્ય છે. તે કરતાં જ અંતરમાંથી પરમ શાંતિનું ઝરણું આવે છે.

સમ્યગ્દર્શન ઉપરાંત ચારિત્રદશામાં નિર્વિકલ્પ શુદ્ધોપયોગ, તે અનંત આનંદ રૂપ કેવળજ્ઞાનનું કારણ છે. અહો! શુદ્ધોપયોગવડે જેઓને કેવળજ્ઞાન પ્રસિદ્ધ થયું છે તેમના પરમ સુખની શી વાત! તે સુખ આત્મામાંથી જે ઉત્પન્ન છે, ઇંદ્રિયવિષયોથી પાર છે, અનુપમ છે, અનંત છે અને વિચ્છેદ વગરનું છે. અહો, આત્માના આવા સુખની પ્રતીત કરતાં આત્માના સ્વભાવની પ્રતીત થાય છે, ને બહારમાંથી બધેથી સુખબુદ્ધિ છૂટી જાય છે.

જુઓ, આવા સુખનું કારણ શુદ્ધોપયોગ જ છે, બીજું કોઇ સાધન નથી. શુદ્ધોપયોગમાં પોતાના જ્ઞાનસ્વભાવનું જ આલંબન છે, તેથી પોતાના અસાધારણ જ્ઞાનસ્વભાવને જ કારણપણે અંગીકાર કરતાં કેવળજ્ઞાન અને પરમસુખ થાય છે.

આત્માના સ્વભાવ સિવાય બીજા કોઈને સુખનું સાધન માનવું તો સંસાર તત્ત્વ છે. મિથ્યાત્વ તે સંસારતત્ત્વ જ છે. કોઈ જીવ ભલે પંચમહાવ્રતાદિ પાળતો હોય તોપણ જ્યાં મિથ્યાત્વ છે ત્યાં સંસારતત્ત્વ જ છે; તે જીવ દુઃખી જ છે.

આત્માનું અતીન્દ્રિયસુખ તે જ સાચું સુખ છે; ને શુભાશુભ ઉપયોગ છોડીને આવું સુખ પમાય છે. શુભાશુભને જે કર્તવ્ય માને તે કદી આત્માનું સુખ પામી શકે નહિ. શુભાશુભને છોડીને અને શુદ્ધોપયોગને આત્મસાત્ કરીને કેવળીભગવંતો અનંત આત્મસુખને પામ્યા છે. તે શુદ્ધોપયોગના ફળની પ્રશંસા કરીને આચાર્યદેવ ભવ્ય જીવોને તેમાં પ્રોત્સાહિત કરે છે.... અહો, આવા સુખની વાત સાંભળતા પણ ભવ્ય જીવને પ્રોત્સાહન ચડે છે કે વાહ! આવા સુખના કારણરૂપ શુદ્ધોપયોગ જ મારે કર્તવ્ય છે. શુદ્ધોપયોગવડે થતું આવું અતીન્દ્રિય પરમસુખ જ મારે પ્રાર્થનીય છે; એ સિવાય સંસારમાં બીજું કાંઈ, શુભ–પુણ્ય કે તેના ફળરૂપ સ્વર્ગાદિ પણ ઇચ્છવાયોગ્ય નથી, કેમકે તેમાં કાંઈ આત્માનું સુખ નથી; પુણ્યમાં લીન થયેલા જીવો પણ આકુળતાનો અગ્નિમાં જ બળી રહ્યા છે, ને દુઃખી છે. સુખી તો શુદ્ધોપયોગી જીવો જ છે.

શુદ્ધોપયોગરૂપ થયેલો આત્મા તે જ ધર્મ છે; તે જ સુખી છે; તે જ કેવળ જ્ઞાન અને મોક્ષને સાધે છે. તેની પ્રાપ્તિ માટે, ચેતનાથી ભિન્ન એવા અશુભ કે શુભ બધાય કષાયભાવો અપાસ્ત કરવા જેવા છે, છોડવા જેવા છે.

હું તો જગતનો સાક્ષી, સ્વયં સુખનો પિંડલો છું. તેમાં આકુળતા કેવી? મારા સુખના અનુભવ માટે હું કોઈ બીજાને ગ્રહણ કરું કે કોઈને છોડું – એવું મારા સ્વરૂપમાં છે જ નહીં. બહારના પદાર્થો તો સદા મારાથી છૂટા જુદા જ છે, તેનું ગ્રહણ કે ત્યાગ મારામાં નથી. જ્ઞાન અને સુખસ્વરૂપ મારો આત્મા છે, તેમાં ઉપયોગની એકાગ્રતા થઈ ત્યાં શુભાશુભ પણ છૂટી ગયા ને પરમ વીતરાગ સુખનો અનુભવ રહ્યો. પોતે સ્વયં આવા શુદ્ધોપયોગરૂપ થઈને આચાર્યદેવ કહે છે કે અહો, આવી શુદ્ધોપયોગદશા જ પરમ પ્રશંસનીય છે.

મુનિધર્મ તો શુદ્ધોપયોગરૂપ છે; રાગરૂપ કાંઈ મુનિધર્મ નથી. પં. શ્રી. ટોડરમલજી મુનિનું સ્વરૂપ બતાવતાં લખે છે કે जो विरागी होकर, समस्त परिग्रहका त्याग करके शुद्धोपयोगरूप मुनिधर्म अंगीकार करके, अंतरमें शुद्धोपयोग द्वारा अपनेकी आपरूप अनुभव करते हैं.... આવી મુનિદશા છે; આવી મુનિદશા વગર મોક્ષ થતો નથી. અહા, ધન્ય એનો અવતાર! ધન્ય એનું જીવન! તે મુનિઓ

પરદ્રવ્યમાં અહંબુદ્ધિ ધારણ કરતા નથી એટલે શરીરાદિ પરની ક્રિયાને પોતાની માનતા નથી, પોતાના જ્ઞાનાદિક સ્વભાવને જ પોતાના માને છે. રાગાદિક પરભાવોમાં મમત્વ કરતા નથી. શુભરાગ થાય છે તેને પણ હેય જાણીને છોડવા માંગે છે. અશુભમાં ને શુભમાં બંનેમાં આકુળતાના અંગારા છે; ચૈતન્યની શાંતિ તો શુદ્ધોપયોગમાં જ છે.

અહો, આત્માનું સુખ જે રાગથી પાર છે તેનો સ્વાદ જીવે પૂર્વે અનાદિ સંસારમાં કદી ચાખ્યો ન હતો. સમ્યગ્દર્શન થયું ત્યારે આત્માના અનુભવમાં તે અપૂર્વ આહ્લાદરૂપ સુખનો સ્વાદ પહેલીવાર આવ્યો. ને પછી તેમાં લીનતારૂપ શુદ્ધોપયોગથી કેવળજ્ઞાન થતાં તો તે સુખી અતિશયપણે અનુભવમાં આવ્યું, આખો સુખનો દરિયો જ ઉલ્લસ્યો. એ સુખની શી વાત! કુંદકુંદસ્વામી જેવાં સંત જેની અત્યંત પ્રશંસા કરે છે, તેવું સુખ આત્માના સ્વભાવમાં ભર્યું છે. અરે, પ્રસન્નતાથી તેની પ્રતીત તો કરો. પ્રતીત કરતાં તે પ્રગટ થશે. નાસ્તિમાંથી અસ્તિ કયાંથી આવશે? સત્ છે – તેની અસ્તિનો સ્વીકાર કરતાં તે અનુભવમાં આવે છે ને સુખમય આનંદ–સુપ્રભાત ખીલી નીકળે છે.

ધર્માત્મા આવા પોતાના સ્વભાવસુખની પ્રતીત કરીને તેમાં એવા ઘૂસી ગયા કે – તેમાંથી હવે બહાર નીકળવું ગમતું નથી; શુભમાં આવવું પડે તોપણ દુઃખ લાગે છે, ત્યાં અશુભની તો શી વાત? અરે, કયાં ચૈતન્યના પરમ આહ્લાદની શાંતિ, ને કયાં શુભાશુભરાગની આકુળતા! અતીન્દ્રિય આનંદનાં પાક આત્માના ખેતરમાં જ પાકે છે. અતીન્દ્રિય આનંદ પાકવાનું સ્થાન આ ચૈતન્યક્ષેત્ર જ છે, બીજે ક્યાંય તે પાકે નહીં. પહેલાં એની શ્રદ્ધાનાં બીજ વાવ તો પરમ આનંદના પાક પાકશે, – ભાઈ, આ બધું તારામાં જ છે; તારો આત્મા જ આવો સુખસ્વરૂપ છે... પરમ શાંતિના પિંડરૂપે તું પોતાને દેખ..... અનુભવ કર... એ જ સાચું સુખ છે, એ જ પ્રશંસનીય ને પ્રાર્થનીય છે.

જુઓ, સર્વજ્ઞભગવાનની વાણીરૂપ આ પ્રવચનસારની ૧૩ મી ગાથામાં શુદ્ધોપયોગના ફળરૂપ શુદ્ધાત્મપ્રાપ્તિની (અને તેના મહાન અતીન્દ્રિયસુખની) પ્રશંસા કરે છે. આવા મહાન સુખમય શુદ્ધાત્મપ્રાપ્તિનું સાધન શુદ્ધોપયોગ છે. તે શુદ્ધોપયોગ વડે બીજા કોઈ પણ કારણની અપેક્ષા વગર, આત્મા સ્વયમેવ છ કારકરૂપ થઈને કેવળજ્ઞાનરૂપ પરિણમે છે. શુદ્ધોપયોગી આત્મા, પોતે પોતાના આત્માને જ આધીન સ્વતંત્રપણે કેવળજ્ઞાનરૂપ થાય છે એટલે કે શુદ્ધાત્મસ્વભાવને પ્રાપ્ત કરે છે.

શુદ્ધોપયોગદશા ચોથા ગુણસ્થાને પણ હોય છે. ધર્મની શરૂઆત જ

શુદ્ધોપયોગ વડે થાય છે. ચોથા ગુણસ્થાને શુદ્ધોપયોગ હોય છે – પણ કોઈ – કોઈ વાર થાય છે; કોઈ વાર ટૂંકા કાળે પણ થાય છે. – પછી પાંચમા ગુણસ્થાને તેનાથી વિશેષ શુદ્ધોપયોગ હોય છે, તે થોડાથોડા કાળના અંતરે થાય છે. પછી મુનિદશામાં તો વારંવાર અંતર્મુહૂર્તમાં જ નિર્વિકલ્પ શુદ્ધઉપયોગ થયા કરે છે. અહા, શુદ્ધોપયોગદશાની શી વાત! શુદ્ધોપયોગી નિર્વિકલ્પપણે સિદ્ધભગવાન જેવા આનંદરૂપે પોતાને અનુભવે છે. – આવો શુદ્ધોપયોગ તે જ ધર્મ છે, તે જ કેવળજ્ઞાનનું સાધન છે. આવા શુદ્ધોપયોગ સિવાય બીજા કોઈ સાધનની અપેક્ષા કેવળજ્ઞાન પ્રાપ્તિમાં નથી. બીજા કોઈ સાધનવડે કેવળજ્ઞાન કરવા માંગે, અરે! સમ્યગ્દર્શન કરવા માંગે, તો તેને ધર્મની કે ધર્મના સાધનની ખબર નથી. રાગથી પાર શુદ્ધોપયોગ અપૂર્વ છે, તેનું ફળ પણ અપૂર્વ આનંદ છે. આવો શુદ્ધોપયોગ અને તેનું ફળ બંને અત્યંત પ્રશંસનીય છે... તેમાં ઉત્સાહ કરવા જેવો છે.

આવો શુદ્ધોપયોગ પોતામાં થાય ત્યારે ધર્મ થયો કહેવાય. તેણે શ્રુતજ્ઞાનને ઓળખ્યું કહેવાય. શ્રુતજ્ઞાનરૂપ જિનવાણી તો પરથી ભિન્ન આત્મા દેખાડીને શુદ્ધોપયોગ કરાવે છે. શુદ્ધોપયોગી થઈને જેણે જ્ઞાનસ્વભાવનો અનુભવ કર્યો તેણે જ શ્રુતજ્ઞાનને જાણ્યું છે. શ્રુતજ્ઞાનનું ફળ જ્ઞાનસ્વભાવનો અનુભવ છે. જ્ઞાનનો અનુભવ જેણે ન કર્યો તેનું શ્રુતજ્ઞાન સાચું નથી; તે કદાચ ૧૧ અંગ જાણે તોપણ તેના જ્ઞાનને સાચું જ્ઞાન કહેતા નથી; કેમકે તે મોક્ષમાર્ગને સાધતું નથી. જ્ઞાનસ્વભાવ તરફ વળીને રાગથી જે જુદું પડયું તે જ સાચું જ્ઞાન છે, તે જ મોક્ષમાર્ગને સાધે છે, અને આવા જ્ઞાનની ઉત્પત્તિ શુદ્ધોપયોગપૂર્વક જ થાય છે. માટે આચાર્યદેવ કહે છે કે જીવો! પરમ આનંદની પ્રાપ્તિ માટે આવા શુદ્ધોપયોગરૂપે તમે પરિણમો..... તેનો અવસર છે.

## છૂટો પડ

**હે જીવ! શરીર છૂટવાનો અવસર આવવા પહેલાં તું રાગથી છૂટો પડી જા. રાગથી છૂટો પડી જઈશ તો દેહ છૂટવાના ટાણેય તને દુઃખ નહિ થાય; રાગથી પાર આનંદને વેદતાં વેદતાં તારો દેહ છૂટી જશે.**

# સામાયિકમાં આત્મા જ સમીપ છે

## પરમગુરુના પ્રસાદથી પ્રાપ્ત કરાયેલો પરમાત્મા

**તે પરમ આત્મા અમારી સર્વપર્યાયોમાં સદાય અત્યંત સમીપ છે; અમારી કોઈ પર્યાયમાં અમને પરમાત્માનો વિરહ નથી. જ્યાં આત્મા સમીપ નથી ત્યાં સામાયિક કદી હોતી નથી, શુદ્ધાત્મા જેની દ્રષ્ટિમાં વર્તે છે તેને સદાય સામાયિક છે.**

( નિયમસાર ગા. ૧૨૭ ઉપરનાં પ્રવચનમાંથી )

કેવળી ભગવાનના શાસનમાં સામાયિકવંત ધર્મીજીવ કેવા હોય? તે કહે છે: તેને શ્રદ્ધા – જ્ઞાન –ચારિત્રમાં, સંયમ – તપમાં, સર્વ પર્યાયોમાં પોતાનો આત્મા જ ઉપાદેય છે, તે જ તેને સમીપમાં વર્તે છે. કારણસ્વભાવરૂપ જે પરમાત્મા, તેની સમીપતા વડે જ સાચી સામાયિક હોય છે.

આવા ધર્મીજીવમાં અહીં ભાવી જિનનું દ્રષ્ટાંત આપ્યું છે. અહો, અલ્પકાળમાં જેઓ સર્વજ્ઞ – પરમેશ્વર થવાના છે એવા ભાવી જિનને અને સર્વે સમ્યગ્દ્રષ્ટિઓને સંયમ – તપમાં સદાય આત્મા જ સમીપ વર્તે છે; શુભરાગની સમીપતા નથી, તે તો જુદો વર્તે છે એટલે દૂર છે, ને પરમસ્વભાવી આત્મા જ બધી નિર્મળપર્યાયોમાં તન્મયપણે વર્તે છે, તેથી તે જ અત્યંત સમીપ છે.

ધર્મી કહે છે કે અહો, અમારું પરમાત્મતત્ત્વ અમારી પર્યાયથી કદી દૂર થતું નથી; પરમ ગુરુના પ્રસાદથી અમારું પરમાત્મતત્ત્વ અમને પ્રાપ્ત થયું છે. તે પરમાત્માનો અમને અમારી બધી પર્યાયોમાં સાથ છે. જ્યાં રાગની પ્રીતિ હતી ત્યાં પરમાત્મતત્ત્વ દૂર હતું, ત્યારે જીવને સામાયિકભાવ ન હતો. હવે જ્યાં પરમાત્મતત્ત્વ અનુભવમાં આવ્યું ને પર્યાય તેમાં એકત્વરૂપ થઈને પરિણમી ત્યાં રાગ–દ્વેષ તેમાંથી દૂર થયા, એટલે તેને આત્માની સમીપતાથી સદાય સામાયિક છે. અહા, જેની પર્યાયે – પર્યાયમાં ભગવાન વર્તે છે તેને જ જૈનશાસનમાં સામાયિક કહી છે. ભગવાનને જે ભૂલ્યો તેને સામાયિક કેવી? આત્માને દૂર રાખીને ગમે તેટલા વ્રત – તપ – સંયમ કરે પણ એમાં કયાંય જીવને સમતા ન થાય, સામાયિક ન થાય, ધર્મ ન થાય. સાચા ધર્મની જે કોઈ ક્રિયા છે, એટલે સામાયિક વગેરે જે કોઈ નિર્મળપર્યાય છે તે બધીયે આત્માની

સમીપ વર્તે છે. આત્માની સન્મુખ થઈને જે વીતરાગપર્યાય પરિણમી તે જ ધર્મ છે. આત્માથી જે વિમુખ વર્તે તેને ધર્મ કેવો ? ને સમતા કેવી? આત્મા શું છે તેની જેને ખબર નથી તેને આત્માની સમીપતા કેવી? ને સામાયિક કેવી

અહો, ચૈતન્ય પરમતત્ત્વ ધર્મીની સ્વાનુભૂતિમાં જયવંત વર્તે છે. તેમાંથી રાગાદિભાવોનો કે ભવનો પરિચય બિલકુલ છૂટી ગયો છે, તેમાં તો પોતાના ચૈતન્ય પરમેશ્વરનો જ પરિચય છે. અરે, ચૈતન્યના ભાવમાં ભવ કેવા? હે જીવ! પરમ ચૈતન્ય સન્મુખ ચેતનાને જાગૃત કરીને એવો પુરુષાર્થ કર કે એક ક્ષણમાં અંદર ચિદાનંદ સ્વભાવમાં પ્રવેશ કર.... ને પરભાવોથી છૂટો પડી જા. શુદ્ધતત્ત્વને જાણતાં તેમાં એકાગ્રતાથી સામાયિક થાય છે. સ્વાશ્રિત શુદ્ધપરિણતિ તે જ સામાયિક છે, તેમાં આત્માની પ્રાપ્તિ છે. ટંકોત્કીર્ણ નિજમહિમામાં લીન એવા શુદ્ધતત્ત્વને સમ્યગ્દ્રષ્ટિ સાક્ષાત્ જાણે છે. તીર્થંકરો – ગણધરો – સંતમુનિવરોના અંતરમાં જે સદા સ્થિત છે એવું પરમ મહિમા વંત ચૈતન્યતત્ત્વ મને પણ મારી અનુભૂતિમાં ગોચર થાય છે – એમ સમ્યગ્દ્રષ્ટિ અનુભવે છે. પોતે પોતાને પ્રત્યક્ષ થાય – એવો જ મારો સ્વભાવ છે. આવા પોતાના આત્માને એકકોર મુકીને કદી કલ્યાણ થાય નહીં. પોતાના મહાન તત્ત્વને જ્ઞાનમાં સમીપ કરીને એટલે કે સ્વાનુભવગોચર કરીને અપૂર્વ કલ્યાણ થાય છે. આવો આત્મા કાંઈ અગોચર વસ્તુ નથી; ઈંદ્રિયજ્ઞાનથી તે અગોચર હોવા છતાં, સમ્યગ્દ્રષ્ટિના સ્વાનુભવજ્ઞાનમાં તે આનંદસહિત ગોચર થાય છે.

અહો, શ્રીગુરુના ઉપદેશવડે આવો આત્મા એકવાર દ્રષ્ટિમાં લીધો ત્યાં હવે સર્વે પર્યાયોમાં તે જ મુખ્ય રહે છે, તે જ ઊર્ધ્વ છે. ચૈતન્યસ્વભાવની જ સન્મુખતા વડે ભવભયને હરનારો તે જીવ રાગના નાશને લીધે અભિશમ છે – સુંદર છે – મોક્ષના માર્ગમાં શોભે છે. રાગવડે જીવની સુંદરતા નથી. રાગના અભાવ વડે જે સ્વાશ્રિત સમભાવ પ્રગટયો તેના વડે જીવની સુંદરતા છે.

શ્રી ગુરુનો ઉપદેશ પણ આ જ છે કે તારા પરિણામમાં તારા ચૈતન્યસ્વભાવી આત્માને જ તું મુખ્ય રાખ, તેને જ સમીપ રાખ, તેમાં જ એકતા રાખ; ને એના સિવાય બીજા બધાયને દૂર રાખ. પોતામાં આવા આનંદમય શુદ્ધાત્મતત્ત્વની આનંદમય અનુભૂતિ થઈ તે જ પરમગુરુઓનો પ્રસાદ છે. અહો, પરમગુરુઓએ પ્રસન્ન થઈને અમને આવો શુદ્ધાત્માનો પ્રસાદ આપ્યો. તેમના અનુગ્રહવડે અમને જે શુદ્ધાત્મ તત્ત્વનો ઉપદેશ મળ્યો તેનાથી અમને સ્વસંવેદનરૂપ આત્મવૈભવ પ્રગટયો.

અહા, આવો સુંદર વીતરાગમાર્ગ! ... એ તો સ્વાશ્રયભાવવડે જ શોભે; પરાશ્રિતભાવ તો અશુદ્ધ છે, તે વીતાગમાર્ગમાં શોભતા નથી. સમ્યક્ત્વ–જ્ઞાન–સુખ ઇત્યાદિ અનંત ગુણના જે ભાવો છે તે બધાય આત્માના સ્વભાવના આશ્રયે જ છે, ને તે સ્વાશ્રિત શુદ્ધપરિણામમાં જ સામયિક છે. પરાશ્રિત રાગાદિભાવો તો અશુદ્ધ છે, તેમાં સામાયિક નથી, સમતા નથી. તેમાં તો વિષમતા છે.

ભાવી તીર્થાધિનાથ તો આત્માના આશ્રયે ભવભયને હરીને સહજ સમતાને પ્રગટ કરે છે. શુદ્ધદ્રષ્ટિવંત ભાવી–તીર્થંકર આત્માની ઊર્ધ્વતા વડે ભવભયને હરનારા ને રાગરહિત હોવાથી અભિરામ છે – સુંદર છે, તેના સમસ્ત પરિણામ શુદ્ધાત્મમાં જ સમીપ વર્તે છે, તેથી તેને સહજ સમતારૂપ સામાયિક વર્તે છે. તીર્થનાયકના ઉત્કૃષ્ટ ઉદાહરણ વડે બધા સમ્યગ્દ્રષ્ટિ જીવોની કેવો શુદ્ધદ્રષ્ટિમાં કેવો શુદ્ધ આત્મા છે તે સમજાવ્યું છે. ધર્માત્માના બધાય પરિણામમાં પોતાનો શુદ્ધ કારણપરમાત્મા જ નજીક છે. નિજસ્વભાવના ગાઢ આલિંગન વડે તેની પર્યાયો પુષ્ટ થઈ છે. આ રીતે તે ભાવિજિનભગવાન નિજસ્વભાવની સમીપ થઈને પરભાવોથી પરાંગ્મુખ થયા, ને વીતરાગી પોતે સાક્ષાત્ જિન થયા.

આ રીતે પુરાણપુરુષોને યાદ કરીને મુનિરાજ કહે છે કે અહો! અમારા ભગવંતોએ આમ કર્યું, ને અમે પણ એ જ રીતે કરતા કરતા ભગવાનના માર્ગમાં મુક્તિપુરીમાં જઈ રહ્યા છીએ.

## જ્ઞાનીની નિસ્પૃહ ભક્તિ

**હે જીવ! તને જ્ઞાનીની નિસ્પૃહ ભક્તિ કરતાં આવડે છે? જ્ઞાનીની ભક્તિના બહાને તું તારું માન કે પ્રસિદ્ધિ તો નથી પોષતો ને?**

**જ્ઞાની પ્રત્યેની નિસ્પૃહ ભક્તિનો સંબંધ અંદર જ્ઞાન સાથે છે. એ ભક્તિ કાંઈ જગતને દેખાડવા માટે નથી; એ ભક્તિમાં તો અંદરમાં નિજગુણના પોષણનો હેતુ છે; ને જ્ઞાનીના ગુણો પ્રત્યેની અનુમોદના છે.**

**જો તને ગુણની લબ્ધિ ન દેખાતી હોય, ને રાગ-દ્વેષની પુષ્ટિ જ થતી હોય તો તું સમજ કે તને હજી જ્ઞાનીની ભક્તિ કરતાં આવડતી નથી, તેં જ્ઞાનીના ગુણને ઓળખ્યા નથી.**

# સમ્યગ્દ્રષ્ટિની આશ્ચર્યકારી પરિણતિ

**ચિન્મૂરત દગધારીકી મોહે રીતિ લગત હૈ અટાપટી....**
**બાહિર નારકી કૃત દુઃખ ભોગે, અંતર સુખરસ ગટાગટી...**
**રમત અનેક સુરનિ સંગ પૈ તિસ પરિણતિ તેં નિત હટાહટી...**
**જ્ઞાન-વિરાગ શક્તિ તેં વિધિફલ ભોગત પૈ વિધિ ઘટાઘટી.....**
**સદન નિવાસી તદપિ ઉદાસી તાતેં આસ્રવ છટાછટી...**
**જે ભવહેતુ અબુધ કે તે તસ કરત બંધકી ઝટાઝટી...**
**નરક - પશુ - તિય - ષંડ - વિકલત્રય પ્રકૃતિનકી હૈ કટાકટી...**
**સંયમ ધર ન શકે પૈ સંયમ - ધારનકી ઉર ચટાચટી..**
**તાસ સુયશ ગુણકી દૌલતકો લગી રહે નિત રટારટી...**

અહો, ચૈતન્યમૂર્તિ આત્માની દ્રષ્ટિના ધારક સમ્યગ્દ્રષ્ટિની દશા કોઈ અટપટી આશ્ચર્યકારક લાગે છે.

કોઈ જીવ નરકમાં સમ્યગદ્રષ્ટિ હોય, બહારમાં તો તેને નારકીઓ દ્વારા ઘોર દુઃખ થતું હોય પણ અંતરમાં તે જ વખતે ભિન્ન ચેતનામાં તેને આત્માના સુખરસની ગટાગટી ચાલે છે; જેમ શેરડીનો રસ ગટક–ગટક પીએ તેમ અંદર ચેતનામાં સુખરસની ગટાગટી ચાલે છે. – એવી સમ્યગ્દ્રષ્ટિની પરિણતિ અટપટી છે.

કોઈ જીવ સ્વર્ગમાં સમ્યગ્દ્રષ્ટિ હોય, ત્યાં બહારમાં તો અનેક દેવીઓ સાથે તે ક્રીડા કરતો હોય, તે પ્રકારનો રાગ પણ હોય, છતાં તે પરિણતિથી તેને સદા હટાહટી છે, એટલે કે ધમી ની ચેતના તો તેનાથી જુદી ને જુદી જ રહે છે, – એવી ધર્મીની વિચિત્ર પરિણતિ છે. અનેક પ્રકારનાં કર્મફળ ભોગવવા છતાં, જ્ઞાન–વૈરાગ્યશક્તિના બળે તેને કર્મ સદાય ઘટયા જ કરે છે; સદનનિવાસી એટલે ગૃહવાસી હોવા છતાં અંતરમાં તેનાથી ઉદાસીનતા છે તેથી આસ્રવની તેને છટાછટી છે, – આસ્રવો છૂટતા જ જાય છે. અજ્ઞાનીને જે ક્રિયાઓ ભવનો હેતુ થાય છે તે જ ક્રિયાઓ અંતરની ચૈતન્ય દ્રષ્ટિને લીધે સમ્યગ્દ્રષ્ટિને બંધની ઝટાઝટી કરે છે –અર્થાત્ તેને નિર્જરા જ થાય છે.

નરકગતિ, તિર્યંચગતિ, સ્ત્રીપર્યાય, નપુંસકપર્યાય, વિકલત્રય વગેરે ૪૧ પ્રકૃતિની તો સમ્યગ્દ્રષ્ટિને નિરંતર કટાકટી થઈ ગઈ છે, તે ૪૧ – પ્રકૃતિ તો તેને બંધાતી જ નથી.

(આ ઉપરાંત આહારક – દ્વય પણ ચોથા ગુણસ્થાને બંધાતી ન હોવાથી કુલ ૪૩ પ્રકૃતિ બંધાતી નથી.) તે અવિરત સમ્યગ્દ્રષ્ટિ જો કે સંયમ ધારણ કરી શકતા નથી તોપણ તેમના અંતરમાં તો સંયમ ધારણ કરવાની ચટપટી વર્તે છે. નિરંતર સંયમ ભાવના વર્તે છે.

અહો, સમ્યગ્દ્રષ્ટિના આવા પ્રશંસનીય ગુણોનો ખજાનો, તેનું દૌલતરામજીને સદાય રટણ રહ્યા કરે છે.

વાહ! ચૈતન્યમૂર્તિ આત્માની દ્રષ્ટિવાળા સમ્યગ્દ્રષ્ટિ – અંતરાત્મા જીવોની દશા કોઇ અદ્ભુત – અચિંત્ય આશ્ચર્યકારી છે; તેની ઓળખાણ કરતાં જીવને પોતાના આત્મસ્વરૂપનો કોઈ અચિંત્ય મહિમા લક્ષમાં આવે છે.

## આત્મધર્મ -પ્રચાર તથા બાલવિભાગ ખાતે આવેલ રકમોની યાદી

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૦૧ | હસમુખલાલ કાંતિલાલ ગાંધી | બોટાદ | ૫૧ | ચીમનલાલ વિક્રમચંદ તથા | |
| ૨૫ | વિજયલાલ ચુનીલાલ | મુંબઈ | | રસિકલાલ વિકમચંદ | વાંકાનેર |
| ૫૧ | રસિકલાલ વૃજલાલ કામાણી | મલાડ | ૫૦૧ | સ્વરૂપચંદ નેમચંદ શ્રોફ | મુંબઇ |
| ૧૧ | નવીનચંદ્ર મોહનલાલ વોરા | મુંબઇ | ૨૫ | સવિતાબેન નૌતમલાલ | રાજકોટ |
| ૫૧ | શાંતિલાલ માણેકલાલ શાહ | શાંતાક્રુઝ | ૫૧ | પ્રેમચંદ ઓઘડભાઈ પરમાર | ચુડા |
| ૫૧ | શેઠ ખેમરાજ દુલીચંદ | ખૈરાગઢ | ૨૫ | લીલાબેન કાળીદાસ કામદાર | મુંબઇ |
| ૮૩ | શા. છોટાલાલ ડામરદાસ | સોનગઢ | ૧૦૧ | ધર્મીષ્ઠાબેન ધીરજલાલ ડેલીવાળા | મલાડ |
| ૫૦૧ | શ્રી કહાનનગર – સોસાયટી | સોનગઢ | ૨૫ | ઈલાબેન મનસુખલાલ શાહ | પાલેજ |
| ૫૧ | જગદીશચંદ્ર નવલચંદ લોદરીયા | સોનગઢ | ૨૫ | જયેશ હસમુખલલ શાહ | અમદાવાદ |
| ૧૦૧ | શાહ બલુભાઈ ચુનીલા | મુંબઈ | ૧૧ | સુશીલાબેન રશ્મીકાંત મોદી | મુંબઇ |
| ૫૧ | ઝનકારીબેન ખેમરાજજી જૈન | ખૈરાગઢ | ૧૦ | દિવ્યેશ ચંદ્રકાન્ત મહેતા | વડોદરા |
| ૨૫ | મોહનલાલ વીરજી | લાઠી | | | |

# થોડું લખ્યું.... ઝાઝું કરીને વાંચજો.

જૈન ધર્મનો સાચો મર્મ,
શુદ્ધભાવથી તૂટે કર્મ.

અણગારને શણગાર થા ?
આનંદધામમાં શોક શા ?

સ્વમાં મારું સાચું રાજ,
પરમાં છે નહીં મારું કાજ.

સુખી તમે છો હે ભગવાન !
વર્તે છે મને તારું જ્ઞાન

સાર તો એક સમયસાર,
બાકી જાણ્યું બધું અસાર.

મારી મુક્તિ ને તારું જ્ઞાન,
અજોડ છે એ જ્ઞેય ને જ્ઞાન.

દેહથી જુદો આતમરામ,
શરીરનું મારે નથી કામ.

નિજવૈભવ મૈં લીધો છે,
શ્રી કુંદપ્રભુએ દીધો છે.

અનુભવી હું આતમરામ
દુનિયાનું મારે શું કામ ?

સુખસરોવર મારું ધામ,
ચૈતન્ય હંસ છે મારું નામ.

પૂરણ છું ને પુરાણ છું,
સુખ – આનંદની ખાણ હું.

સાચો સાચો આતમરામ,
મોહતણું મારે શું કામ ?

છોડ... છોડ તું લાખનું લક્ષ,
જોડ.... જોડ રે આતમ – લક્ષ.

સ્વાનુભવ લઈ અંદર જા.
વિકલ્પથી તું નિવૃત્ત થા.

વીતરાગતામાં દુઃખ નહીં,
રાગમાં સુખ લેશ નહીં.

જો ચાહે તું સાધકભેખ,
બાહુબલીની મુદ્રા દેખ !

## 卐 સોનગઢ- સમાચાર 卐

પરમ પૂજ્ય ગુરુદેવ સુખશાંતિમાં બિરાજમાંન છે. બંને વખત સુંદર પ્રવચનો (નિયમસાર અને સમયસાર ઉપર) ચાલી રહ્યા છે.

વિશેષમાં પરમાગમ – મંદિર સંબંધમાં મુમુક્ષુઓને એ જાણીને આનંદ થશે કે ઇટાલીથી આવેલા મશીનદ્વારા જિનાગમના કોતરકામનું કામ સુંદર રીતે ચાલી રહ્યું છે. મશીન સોનગઢ આવી ગયું છે, ને ભારતના જ કુશળ કારીગરો દ્વારા તેનું સંચાલન થઈ રહ્યું છે. આ કારતક વદ આઠમે મશીનદ્વારા પૂ. ગુરુદેવના મંગલહસ્તે ૐ કોતરવાનું મુહુર્ત થયું તથા પંચાસ્તિકાયપરમાગમના મંગલ શ્લોકના પહેલાં ત્રણ અક્ષર (સહજ..) ગુરુદવેના સુહસ્તે કોતરાયા. આ પ્રસંગે અજિત મુદ્રણાલયમાં ઉપસ્થિત ભાઈ બેનોમાં હર્ષનું વાતાવરણ ફેલાયું હતું. પૂ. બેનશ્રી – બેન પણ પધાર્યા હતા ને ગુરુદેવના સુહસ્તે કોતરાયેલી જિનવાણી પર કેશરના ચાંદલા કરીને બહુમાન કર્યું હતું. ભાઈશ્રી પોપટભાઈ વોરાએ આ પ્રસંગની ખુશાલીમાં પોતાના તરફથી રૂા. પાંચહજાર ને એક જાહેર કર્યાં હતા; તે ઉપરાંત બીજા મુમુક્ષુ ભાઈ–બેનો તરફથી પણ રકમો જાહેર થઈ હતી. ગુરુદેવ ખૂબ પ્રસન્નચિત્ત હતા. હવે પરમાગમના કોતરકામમાં ઝડપ આવે તે માટે ગુરુદેવની તેમજ સર્વે મુમુક્ષુઓની ભાવના ફળીભૂત થશે, અને મશીનદ્વારા ઝડપથી સુંદર કોતરકામ થશે અત્યાર સુધીમાં વીશ પાટિયા (લગભગ ૫૦ ગાથા) નું કોતરકામ પૂરું થયું છે. આ કાર્યમાં ઝડપથી મશીનપ્રૂફ જોવાનું કામ અજિત પ્રેસના માલિક ભાઈશ્રી મગનલાલજી ચીવટપૂર્વક સંભાળી રહ્યા છે. બીજા પણ અનેક ભાઈઓનો સહકાર મળી રહીયો છે. મુ. શ્રી રામજીભાઈ પોતે આ કાર્યમાં જાત દેખરેખ રાખી રહ્યા છે. આ પ્રકારના મશીનથી આવું કોતરકામ ભારતમાં પહેલી જ વાર થઈ રહ્યું છે. – એ પણ કુંદકુંદપ્રભુના પરમાગમનો જ કોઇ મહાન પ્રભાવ છે; અને ગુરુદેવ જેવા અજોડ સંતના સુહસ્તે આજે કુંદકુંદપ્રભુની અનુભવવાણી ટંકોત્કિર્ણ થઇ રહી છે. ગુરુદેવને અગાઉ સ્વપ્નમાં આકાશમાંથી મોટા – મોટા શ્રુતના પાટિયાં ઊતરતા દેખાતા હતા – તે વાત આજે સાક્ષાત્ બની રહી છે. પરમાગમ કોતરેલા પાટિયા જોઇને ગુરુદેવ પ્રસન્નચિત્તથી કહે છે કે ઘણા વર્ષો અગાઉ શ્રુતના જે પાટિયા આકાશમાંથી ઊતરતા દેખાતા હતા તે આવા જ હતા. અહો! ગુરુદેવના પ્રતાપે, ગગનવિહારી જિનનાથની વાણી આજે આપણને મળી છે, એ વાણીએ શુદ્ધાત્મદેવને આપણા ભાવશ્રુતમાં ટંકોત્કિર્ણ કરી દીધો છે. તેથી અંતરમાંથી ભક્તિના રણકાર ઊઠે છે કે –

ધન્ય દિવ્યવાણી ૐકારને રે જેણે પ્રગટ કર્યો આત્મદેવ...

જિનવાણી જયવંત ત્રણલોકમાં રે... જિનવાણી જયવંત મુજ આત્મામાં રે...

(– બ્ર. હ. જૈન)

પ્રકાશકઃ શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર) પ્રતઃ ૩૨૫૦

મુદ્રક : મગનલાલ જૈન, અજીત મુદ્રણાલય : સોનગઢ (સૌરાષ્ટ્ર) : માગશર (૩૫૦)